**સુવિચાર**

''આપણે હિંમત એવી રાખવી જોઈએ કે, પરિસ્થિતિ સામેથી આવીને આપણાં તાબે થઈ જાય.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૪/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર વદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૧૦૪


## હરિફ ઉમેદવારોએ ઉમેદવારીપત્રક પરત ખેંચી લેતા

# જય હો : અમરેલી પાલિકાની ચૂંટણીમાં ભાજપની ૩ બેઠક બિનહરીફ થઇ

**જેશીંગપરા વોર્ડ–૮નાં મહિલા ઉમેદવાર વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા અને પૂનમબેન કૌશલભાઈ સાવલિયા બિનહરિફ**

**વોર્ડ નં. ૨ નાં મહિલા ઉમેદવાર મીનાબેન રવિરાજભાઈ શેખવા પણ બિનહરિફ વિજેતા થયા**


**ભાજપને પાલિકાની ૪૪ બેઠકમાં ૩ બેઠક બિનહરિફ મળી ગઈ**

**ભાજપને અગાઉ ધારી પાલિકામાં પણ ૪ બેઠકો બિનહરિફ મળી ગઈ છે**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતો અને અર્ધોડઝન પાલિકાની સામાન્ય ચૂંટણીને લઈને ઉમેદવારી પત્રક પરત ખેંચવાનાં અંતિમ દિવસે સમગ્ર ચિત્ર સ્પષ્ટ થયું છે.

જેમાં અમરેલી પાલિકાનાં ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાંથી ભાજપને જેશીંગપરા વોર્ડ–૮ માં ૨ બેઠકો





બિનહરિફ મળી ગઈ છે. ભાજપનાં મહિલા ઉમેદવાર વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા અને પૂનમબેન



કૌશલભાઈ સાવલિયા તેમજ વોર્ડ–૨ ચિતલ રોડનાં ભાજપનાં ઉમેદવાર મીનાબેન રવિરાજભાઈ શેખવા



બિનહરિફ વિજેતા થયેલ છે.

અમરેલી જિલ્લામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ગાંધીનાં ગુજરાતમાં ગામડા સુધી દારૂ પહોંચી ગયો

# ખાંભાનાં નાની ધારી ગામેથી વિદેશી દારૂનાં ૧૦૬ ચપટા ઝડપી લેવાયા

**રહેણાંક મકાન અને વાડી/ખેતરમાંથી દારૂ ઝડપાયો**

અમરેલી, તા. ૧૫

ખાંભા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ.કે.વી.ચુડાસમાનાં માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન મળેલ માહિતી આધારે ખાંભા તાલુકાનાં નાનીધારી ગામે શક્તિરાજ અમરૂભાઈ વાળાનાં રહેણાંક મકાને તથા વાડી/ખેતરમાંથી ગેર કાયદેસર સંગ્રહ

અનુસંધાન પાના ૬ ઉપર



## એસ.પી.નાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલાનાં બસ સ્ટેન્ડમાં મુસાફરોનાં ખિસ્સા ખંખેરતી ટોળકીનાં ૨ સદસ્યો ઝડપાયા

**રૂપિયા ૩.૨૦ લાખનો મુદ્દામાલ પણ કબ્જે કરાયો**

અમરેલી, તા. ૧૫

રાજુલા ગામે બસ સ્ટેશનમાં ભીડભાડનો લાભ લઈ અને બસમાં ચડતાં વૃધ્ધ પેસેન્જરોના ખિસ્સા કાપવા અંગે વ્યાપક બુમ ઊઠતાં સ્થાનિક પોલીસે વોચ ગોઠવી વૃધ્ધ પેસેન્જરોના ખિસ્સા ખંખેરતી ટોળકીના સભ્યોને પકડી પાડી ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા ૨૦,૦૦૦ તથા ચોરીમાં ઉપયોગમાં લીધેલ કાર મળી કુલ રૂપિયા ૩,૨૦,૦૦૦નો મુદામાલ રીકવર કરી રાજુલા પોલીસ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે રહેતાં દડુભાઈ



ગીગાભાઈ બોરીચા નામનાં ૭૦ વર્ષીય

અનુસંધાન પાના ૬ ઉપર

## ભરઉનાળે ચોમાસા જેવો માહોલ બને તેવી સંભાવના

# અમરેલી જિલ્લામાં આગામી શનિવાર, રવિવાર અને સોમવારે કમોસમી વરસાદની આગાહી

**ખેડૂતોને તકેદારી રાખવા ખેતીવાડી વિભાગનો અનુરોધ**

અમરેલી, તા. ૧૫

હવામાન વિભાગની આગાહી મુજબ તા. ૧૯ થી ૨૧ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

આ સંજોગોમાં વાદળછાયું વાતાવરણ તથા સંભવિત વરસાદને કારણે પાકને નુકસાન થવાની શક્યતા હોવાથી રાજયના ખેડૂત મિત્રોને પાક

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકાનાં ચીફ ઓફિસરે કર્યો અનુરોધ

# અમરેલી શહેરની હદમાં આવેલા જર્જરિત મકાનો અને ઈમારતો ઉતારી લો

**મકાન માલિક યોગ્ય ન કરે તો કાયદેસરની કાર્યવાહી કરાશે**

અમરેલી, તા. ૧૫

અમરેલી નગરપાલિકા વિસ્તારની હદમાં આવેલા સરકારી અર્ધ સકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ, તથા અન્ય તમામ કવાર્ટસ જર્જરિત મકાનોમાં રહેતા કે ઉપયોગ કરતા કે હિત ધરાવતા તમામ વ્યકિતઓએ પોતાના ભયજનક કે જર્જરિત ભાગ તાકીદે ઉતારી લઈ બાકીનાં ભાગને સુરક્ષીત કરવાની કાર્યવાહી કાયદાને આધિન કરવાની રહેશે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓને આધિન આવી મિલકત ધરાવતા તમામ માલિકોને નગરપાલિકા અમરેલી ધ્વારા ચેતવણી આપવામાં આવે છે. વધુમાં કોઈપણ વ્યકિતઓએ આવા જર્જરિત મકાનોમાં પ્રવેશ કરવો નહીં તેમજ આવા ભયજનક મકાન ઉપયોગકર્તાઓએ સાવચેતીનાં ભાગરૂપે આવા ભયજનક જણાતા મકાનની આસપાસ અવર–જવર કરવી નહીં તથા આજુબાજુનાં મકાન ઉપયોગ કર્તાઓએ સાવચેતીનાં ભાગરૂપે પૂરતી કાળજી રાખવી.

અમરેલી નગરપાલિકા ધ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ જોગવાઈઓને આધીન અગાઉ નોટીસ આપવામાં આવી છે. જો

અનુસંધાન પાના ૬ ઉપર























### ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતી નિમિત્તે

# અમરેલીનાં પીપળલગ ખાતે સમરસતા દિવસ ઉજવણીના ભાગરૂપે લોક ડાયરો યોજાયો

### મોટી સંખ્યામાં કલાપ્રેમીઓએ લાભ લીધો



અમરેલી, તા. ૧૫

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર, કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર, જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી દ્વારા પ્રેરિત સમર્પણ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા આયોજિત ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે સમરસતા દિવસ–૨૦૨૬ ઉજવણી કાર્યક્રમ અંતર્ગત લોકડાયરાનું આયોજન અમરેલી તાલુકાના પીપળ લગ ગામે રાત્રીના ૯:૦૦ કલાકેથી રાખવામાં આવેલ હતું. આ તકે જિલ્લા કચેરીના અધિકારી પ્રાંત યુવા વિકાસ અધિકારી અશરફ આર. કુરેશી, અરવિંદ બારૈયા, શરદકુમાર અગ્રાવત, લાખાભાઈ કલાકાર, રમેશભાઈ ખુમાણ દ્વારા આ કાર્યક્રમનો દિપ પ્રાગટય કરી ડો. બાબાસાહેબ આંબેડકરના તૈલી ચિત્રને ફુલહાર કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ લોક ડાયરામાં અમરેલીના પ્રસિદ્ધ કલાકાર રમેશભાઈ ખુમાણ, લોક સાહિત્યકાર રમેશભાઈ જાદવ, મુકેશભાઈ જાદવ અને એમના કલાવૃંદ સહિત કલાકારોએ ભીમ ભજન અને સાંસ્કૃતિક ઢબે સામાજિક સમરસતા દિનની ઉજવણીમાં ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કુલ–૬૦૦ જેટલા કલા પ્રેમી શ્રોતાઓએ આ કાર્યક્રમનો લાભ લીધેલ હતો.

### શ્રીમતી શાંતાબેન ગજેરા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત

# અમરેલીની શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ યુનિવર્સિટી ટોપટેનમાં પ્રથમ

### નેન્સી કાનાણી, ક્રિષા ખીમાણી અને દેર્વશી ત્રિવેદી અગ્રેસર







અમરેલી, તા. ૧૫

અમરેલીમાં શ્રીમતી શાંતાબેન ગજેરા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત શ્રીમતી સી.વી. ગજેરા મહિલા કોલેજ એમ.ફાર્મ સેમ–૧ની યુનિવર્સીટી પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવેલ છે.

કોલેજની વિદ્યાર્થીનીઓ નેન્સી કાનાણી, ક્રિષા ખીમાણી અને દેર્વશી ત્રિવેદી અગ્રેસર રહી છે.

કોલેજના ટ્રસ્ટી અને સ્ટાફગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી છે.

# કાઠી દરબારોની સાડા ત્રણ દિવસની સુર્ય ઉપાસના શનિવારથી



વેળાવદર, તા. ૧૫

કવિ મેકરણ લીલા કાઠી દરબારો માટે લખે છે ''અશ્વ સવાર થઈ, હાથ તલવાર લઈ, કાઠીએ કાઠીયાવાડ કીધો'' એટલે પોતાના ઘોડા અને બાહુબળથી કાઠીયાવાડને ઉભો કરવામાં કાઠિઓનું શૌર્ય અને સામર્થ્ય કારણભૂત હતું. તેથી આજે કાઠીયાવાડ એક પ્રાંત તરીકે એક જ્ઞાતિના નામથી ઓળખ ધરાવે છે. આજે તેઓની સૂર્ય ઉપવાસના માટે જણાવવું છે.

કાઠી દરબારો કચ્છના કંથકોટ તરફથી સેરાષ્ટ્રના કાઠીયાવાડ પ્રદેશમાં સવંત ૧૩૭૨માં પ્રવેશ્યા હોવાનું ઈતિહાસમાં ઉલ્લેખિત છે. સૂર્ય એ સનાતન ધર્મના એક દેવ તરીકે પ્રસિદ્ધ છે પરંતુ કાઠી દરબારો સૂર્ય ભગવાનને ઈષ્ટદેવ તરીકે પૂજતા આવ્યા છે. તેથી આ શકિત સ્વરૂપ જ્ઞાતિ તેના સંતાન તરીકે સ્થાપિત થઈ છે. સ્વભાવિક છે કે જે ઈષ્ટદેવ હોય તેનું અનુષ્ઠાન કે આરાધના તેઓ સતત કરતા રહે પણ અહીં સાડા ત્રણ દિવસના ઉપવાસનું એક વિશેષ મહત્વ હોવાનું ઈતિહાસ જણાવે છે.સુર્ય ઉપાસના ૧૧મી સદીથી થતી હોવાની પણ એક માન્યતા છે. તે સદીમા કુલ ૧૨ સુર્ય મંદિર હતાં તેમ કહેવાય છે.

એક વાત એવી પણ છે કે સને ૧૬૫૮માં મોગલ સામ્રાજયનો છેલ્લો શાસક ઔરંગઝેબ થયો અને તેણે ઈસ્લામની વિસ્તારવાદી પ્રવૃત્તિને હાથ ધરીને હિન્દુ ધર્મસ્થાનો પર કબજો કરી તેને નષ્ટ કરવા માટે મનસુબો અને યોજનાઓ અમલમાં મુકી.તેના ભાગરૂપે અમદાવાદના સુબા કરતલબ ખાન ઉર્ફે સુજાતખાનને સને ૧૬૯૦ માં દ્વારકાનું મંદિર અને થાનગઢ પાસે આવેલું સૂર્યમંદિર નષ્ટ કરવા, તોડી નાખવા હુકમ કરેલો. તેથી સુજાતખાન પોતાના સૈન્ય સાથે ધંધુકા થઈને થાનગઢ તરફ આગળ વધે છે. જયાં અત્યારે જૂનું સૂર્યમંદિર કે જે જુના સુરજ દેવળ તરીકે ઓળખાય છે ત્યાં વૈશાખ સુદ એકમથી કાઠીઓ અને સુજાતખાનના સૈન્ય વચ્ચે લડાઈ થાય છે. કાઠીઓ પોતાના ઈષ્ટદેવ સૂર્યદેવના મંદિરને બચાવવા માટે મરણિયા પ્રયાસો કરીને વીરગતિને પામે છે. આ થાનગઢની લડાઈ સાડા ત્રણ દિવસ સુધી ચાલી હોવાનું માનવામાં આવે છે. પણ તેમાં કાઠીઓ વિજયી થઈ શકતા નથી કારણ કે તેમનું સૈન્ય ખૂબ નાનું હતું અને તે સુજાતખાન અને ઔરંગઝેબની સરખામણીમાં એક નાનકડા અંશ બરાબર હતું. તેથી તે સફળ થઈ શકતા નથી પરંતુ તેમની લડાઈ સુજાતખાનના સૈન્યને અનેક રીતે ભારે પડે છે. આખરે સુજાતખાન થાનગઢ ઉપર પોતાનો કબજો જમાવે છે અને ત્યાં મોગલ સામ્રાજય સ્થાપિત થાય છે. જોકે માનવામાં આવે છે કે આ સામ્રાજય સાતેક વર્ષ સુધી ટકી રહે છે અને ફરી પાછા કાઠિઓ મોગલ ઉપર હાવી થઈ જતા તેને ઉકેડી ફેંકે છે.

પરંતુ સાડા ત્રણ દિવસ ચાલેલા આ યુદ્ધની સ્મરણાંજલિ અને સાધના માટે કાઠી દરબાર પુઢષો આજે પણ વૈશાખ સુદ એકમથી વૈશાખ સુદ ચતુર્થી સુધી ઉપવાસ કરે છે. આજે પણ આ ઉપવાસ નવા સુરજદેવળ મંદિરમાં એક સાધના ઉત્સવ તરીકે યોજાઈ રહ્યા છે.નવા સુરજ દેવળ મંદિર પણ સંવત ૧૯૯૧ વૈશાખ સુદી ૧૧ના રોજ પ્રાણ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે.જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી કાઠી દરબારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતાં હોય છે. ચાલુ વર્ષે આ ઉપવાસ ૧૮ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમિયાન યોજાનાર છે.

### હાર્ટ, ફેફસા, ૨ કિડની, ૨ આંખો થકી ૭ વ્યકિતને નવજીવન મળી ગયું

# સુરતનાં અશોકભાઈ ડોંડાનું નિધન થયા બાદ પરિવારજનોનાં અંગદાનનાં નિર્ણયથી ૭ વ્યકિતને મળ્યું નવજીવન

### જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન અને પી.પી. સવાણી હોસ્પિટલ દ્વારા ઉત્તમ કાર્ય



સુરત, તા. ૧૫

સુરત, મોટા વરાછા વિસ્તારમાં આવેલ આવકાર રેસિડેન્સીનાં રહેવાસી ૫૫ વર્ષીય અંગદાતા અશોકભાઈ નાનુભાઈ ડોંડા (મૂળ વતન. નારી, તા/જિ. ભાવનગર) એ પોતાના જીવનનાં અંતિમ ક્ષણોમાં માનવતાનું અનોખું ઉદાહરણ પૂરૂં પાડયું છે. તેમના અંગદાનનાં મહાન નિર્ણયથી કુલ સાત લોકોને નવજીવન પ્રાપ્ત થયું છે.

ઘટના અનુસાર તા. ૧૦ એપ્રિલ ૨૦૨૬નાં રોજ સવારે તેઓ પોતાની પત્ની રેખાબેનની સારવાર અર્થે અમદાવાદથી સારવાર પૂર્ણ કરી વહેલી સવારે સુરત ઘરે પરત ફર્યા હતા. તબિયત ઠીક નહી જાણતા બપોરે જમવાનું ટાળીને આરામ કરવા ગયા બાદ, આશરે ૨:૩૦ વાગ્યે અચાનક તેમની તબિયત બગડતા તેઓ સોફા ઉપર બેઠા હતાને ત્યાજ ઢળી પડયા હતા. તરત જ તેમને સારવાર અર્થે પી.પી. સવાણી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જયાં સઘન સારવાર આપ્યા બાદ ડો. મૌલીક પટેલ (ન્યુરોસર્જન), ડો. નિરવ સુતરીયા (ન્યુરો ફીઝીશ્યન), ડો. જીગ્નેશ ગેંગડીયા (એમ.ડી.) અને ડો. અનિલ તંતી (એડમિન) દ્વારા તેમને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

આ મુશ્કેલ સમયમાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટનાં પી.એમ. ગોંડલીયા અને વિપુલ તળાવીયા દ્વારા પરિવારને યોગ્ય માર્ગદર્શન અને સમજણ આપવામાં આવી હતી. ડોંડા પરિવારનાં સભ્યો પત્ની રેખાબેન ડોંડા, પુત્ર મૌલિકભાઈ ડોંડા, પુત્રવધુ હિનલબેન ડોંડા, લલ્લુભાઈ ડોંડા, તેમજ મિલનભાઈ કાનાણી, મહેશભાઈ કાનાણી, ભૌતિકભાઈ સાચપરા, ઉત્સવભાઈ ઘોરી સહિત અન્ય હાજર સ્નેહીજનો દ્વારા માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ આપતાં અંગદાન માટે સંમતિ આપી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

અંગદાનની સંમતી મળતાની સાથે સોટોનાં ડાયરેકટર ડો. પ્રાંજલભાઈ મોદી, સોટોનાં પ્રિયાબેન અને હાર્દિકભાઈનો સંપર્ક કરીને રજીસ્ટ્રેશન પ્રોસેસ શરૂ કરવામાં આવી હતી.

અંગદાન સમગ્ર પ્રક્રિયામાં પી.પી. સવાણી ગ્રુપનાં ચેરમેન વલ્લભભાઈ સવાણી, દીલીપદાદા દેશમુખ (અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ), બાબુભાઈ વિરડીયા (સમાજ સેવક), દિનેશભાઈ નાવડિયા(ડાયમંડ હોસ્પિ), વલ્લભભાઈ ચોથાણી, ડો. કેતન કાનાણી, ડો. હર્ષિતા સાવલિયા, ડો. શિવાની ડાંખરા, ડો. કિરણ પરમાર, ડો. જેનિશ ત્રપસીયા, ડો.પ્રીન્સી સવાણી, ડો. મીરાલી જસાણી, ટીમ જીવનદીપનાં અનેક સભ્યો નીતિનભાઈ ધામેલીયા, જસ્વીનભાઈ કુંજડીયા, બીપીનભાઈ તળાવીયા, આશિષભાઈ સાવલિયા, વૈજુલ વિરાણી, વિપુલભાઈ કોરાટ, અભિષેક સોનાણી, સાગર કોરાટ, રાજ ગોધાણી, સ્મિત ઠુંમર, યુગ તળાવીયા, જીત ડોબરીયા, સતીશ ભંડેરી, ચૈતન્ય ત્રિવેદી અને ક્રિશ પટેલ સહિત અનેક લોકોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

હૃદયઃ યુ.એન. મહેતા હોસ્પિટલ, અમદાવાદ, ફેફસાઃ કેડી હોસ્પિટલ, અમદાવાદ, લીવર અને બંને કિડનીઃ આઈકેડીઆરસી હોસ્પિટલ, અમદાવાદ તેમજ બંને આંખોનું દાન લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું, આ દર્દીનાં અંગદાન થકી કુલ–૭ દર્દીઓને નવજીવન મળ્યું છે.

પી.પી. સવાણી હોસ્પિટલથી અંગોને વિવિધ હોસ્પિટલ સુધી સમયસર પહોંચાડવા માટે ગુજરાત પોલીસ દ્વારા ત્રણ ગ્રીન કોરિડોરનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે સુરતથી અમદાવાદ સુધી અંગો ઝડપથી અને સલામત રીતે પહોંચાડવામાં સફળતા મળી. આ સમગ્ર પ્રક્રિયામાં સુરત અને અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ પણ મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો.

જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન અને પી.પી. સવાણી હોસ્પિટલનાં સંયુક્ત પ્રયાસોથી ડોંડા પરિવારનાં મોભીનું આ ઉરમું સફળ અંગદાન સંપન્ન થયું છે, જે સમાજ માટે પ્રેરણાદાયક ઉદાહરણ બની રહેશે.










### પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિકર્માની હાજરીમાં

# લીલીયા મોટામાં ભાજપની 'વિકાસ સંકલ્પ સભા'માં કેસરીયો માહોલ છવાયો

### કોંગ્રેસના કદાવર નેતાઓ ભાજપમાં ભળ્યા



અમરેલી, તા. ૧૫

લીલીયા મોટા ખાતે આજે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં 'વિકાસ સંકલ્પ સભા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંગઠનની તાકાત અને સરકારની લોક કલ્યાણકારી યોજનાઓના પ્રચાર સાથે કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓએ કેસરીયો ધારણ કરતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ભવ્ય સ્વાગત અને સન્માન : કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ અમરેલી જિલ્લાની પ્રથમ મુલાકાતે આવેલ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિકર્માનું શબ્દોથી ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તાલુકા અને જિલ્લા ભાજપના કાર્યકરોએ તેમને ખેસ અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

કોંગ્રેસના ગઢમાં ગાબડું – અનેક કોંગ્રેસ કાર્યકરો વિધિવત ભાજપમાં જોડાયા હતા.

આ સભામાં અમરેલી જિલ્લા કોંગ્રેસને મોટો ફટકો પડયો છે. જિલ્લા કોંગ્રેસ મહામંત્રી રમેશભાઈ પરમાર, લીલીયાના પૂર્વ તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન અને કદાવર નેતા જીવરાજભાઈ પરમાર સહિત ૧૦૦ જેટલા સમર્થકોએ કોંગ્રેસને 'રામ–રામ' કહી ભાજપનો સાથ સ્વીકાર્યો હતો. પ્રદેશ અધ્યક્ષે તમામ નવા સભ્યોને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

આગેવાનોનું સંબોધન : ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરકારની સિદ્ધિઓ વર્ણવતા કાર્યકરોમાં જોશ પૂર્યો હતો. આગામી તાલુકા પંચાયતની ચૂંટણીમાં તમામ ૧૬ બેઠકો પર તથા જિલ્લા પંચાયતની લીલીયા સીટના ઉમેદવાર જીગ્નેશ સાવજ અને ક્રાંકચ સીટના ઉમેદવાર હર્ષાબેન જયસુખભાઈ સુરાણીને જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ કરી હતી.

### કાર્યકર્તાઓ અને ઉમેદવારોનો ઉત્સાહ વધાર્યો

# જાળીયા ખાતે રાજયમંત્રી કૌશિક વેકરિયાએ ચૂંટણી અંતર્ગત મહત્ત્વની બેઠક યોજી

### પક્ષની વિચારધારા ઘર–ઘર સુધી પહોંચાડવા હાંકલ કરી



અમરેલી, તા. ૧૫

સ્થાનિક સ્વરાજય ચૂંટણીને ધ્યાનમાં રાખીને તાલુકા પંચાયત બેઠક – જાળીયા હેઠળ આવતાં ગામોના આગેવાનો તથા કાર્યકર્તાઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રી કૌશિક વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક દરમિયાન આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત માઈક્રો પ્લાનિંગ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. દરેક બૂથ સ્તરે મજબૂત અને અસરકારક આયોજન થાય તે માટે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. મતદારો સુધી સરળતાથી પહોંચવા, સંગઠનને વધુ સશકત બનાવવા અને ચૂંટણીમાં શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે વ્યૂહરચના ઘડવામાં આવી હતી.

મંત્રી કૌશિક વેકારીયાએ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, સંગઠનની એકતા અને કાર્યકર્તાઓની મહેનતથી જ જીત સુનિશ્ચિત થાય છે. તેમણે દરેક કાર્યકર્તાને સક્રિય રહીને પોતાના વિસ્તારમાં વધુમાં વધુ લોકો સાથે જોડાવા અને પક્ષના વિચારધારાને મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો.

આ બેઠકના પરિણામે કાર્યકર્તાઓમાં ઉત્સાહ અને આત્મવિસનો સંચાર થયો હતો. સૌએ મળીને આવનારી ચૂંટણીમાં જીત મેળવવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો, જે સંગઠનની મજબૂતી દર્શાવે છે.

## પ્રદેશ કોંગ્રેસનાં મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીની આકરી પ્રતિક્રિયા

# કોંગ્રેસનાં ઉમેદવારોનાં ફોર્મ પરત ખેંચાવવા ભાજપની ગુંડાગીરીનો આક્ષેપ

**ભાજપનાં ઈશારે પોલીસ તંત્ર-વહીવટી તંત્રનો બેફામ દુરૂપયોગ કરવામાં આવતો હોવાનો કર્યો આક્ષેપ**

**ભાજપનાં પ્રતિનિધિઓ સામે ઠેરઠેર જનતા આક્રોશ વ્યકત કરી રહી હોવાનું પણ કોંગી પ્રવકતાએ જણાવ્યું**

**ભાજપ સાથે જોડાયેલ હોમગાર્ડનાં કમાન્ડન્ટને સમજી વિચારીને ચૂંટણી પ્રક્રિયામાં ગોઠવી દીધાનો આક્ષેપ**

**ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે કરવી તેની જવાબદારી ચૂંટણી આયોગની છે છતાં ચિંતાજનક ઘટના બની રહી છે**

અમદાવાદ, તા. ૧૫

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા ચૂંટણી ફોર્મ ભરવાની, ફોર્મ ચકાસવાની અને ફોર્મ પરત ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થઈ છે. રાજયની અંદર ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે કરવી તેની જવાબદારી ચૂંટણી આયોગની હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં જે ઘટનાઓ સામે આવી રહી છે તે ગંભીર ચિંતાનો વિષય છે. ત્યારે ભાજપના ઈશારે પોલીસતંત્ર-વહીવટીતંત્રના બેફામ દુરૂપયોગ અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે જે રીતે એક પછી એક ઘટનાક્રમ સામે આવે છે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ધાકધમકી, ગુંડાગીરી કરીને પોલીસ દ્વારા પ્રતાડિત કરવામાં આવ્યા. અસામાજિક તત્વો તમામ પ્રકારના હથકંડા અપનાવીને કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચવવા માટે ભાજપના આગેવાનો ગુંડાગર્દી ઉપર ઉતર્યા છે. ભાજપના પ્રતિનિધિઓ સામે ઠેરઠેર જનતા આક્રોશ વ્યકત કરી રહી છે. મુખ્યમંત્રીનો વિસ્તાર હોય ત્યાં પણ ભાજપના પદાધીકારીઓને જાકારો મળી રહ્યો છે. સુરત, વડોદરા, રાજકોટ ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર સહિતના મહાનગરોમાં પ્રજાના આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે. તેવા સંજોગોમાં અહંકારમાં ડૂબેલી ભાજપ વડોદરા, સુરત, અમદાવાદ સહિત અનેક જગ્યાએ તમામ પ્રકારના હથકંડા અપનાવીને ચૂંટણી પ્રક્રિયા મતદાન વિના જીતવા માટેના કારનામા ગોઠવ્યા છે જેમાં સૌથી મોટા કારનામામાં ગુજરાતની અંદર હોમગાર્ડ વિભાગમાં ગુજરાતના તમામ જિલ્લાના હોમગાર્ડના કમાન્ડન્ટોમાંથી મોટાભાગના કમાન્ડન્ટ ભાજપ, આરએસએસ સાથે સંકળાયેલા છે. આ કમાન્ડન્ટો જે તે સમયે સમજી વિચારી ગોઠવણના ભાગરૂપે ચૂંટણી પ્રક્રિયામાં ગોઠવાયા છે.

ગુજરાતમાં ગવર્મેન્ટ ઓફ ગુજરાતના સત્તાવાર ગેજેટની સ્પષ્ટપણે લખ્યું છે કે હોમગાર્ડના કમાન્ડન્ટ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લઈ શકે પણ અમદાવાદમાં અમદાવાદ પૂર્વની કચેરીમાં રાહુલભાઈ પી. કોરી જેનું ૧૯/૫/૨૦૨૬ના રોજ વિશેષ રીતે તેઓ જે જગ્યાએ ફરજ નિભાવે છે એ જગ્યાએ યથાવત રાખી સાથોસાથ જિલ્લાના કંટ્રોલરૂમના ઈન્ચાર્જની જવાબદારી આપવામાં આવી છે. રાહુલભાઈ કોરીનો સત્તાવાર લેટરની કોપી દર્શાવેલી છે. રાહુલભાઈ કોરી અમદાવાદ ભાજપના ૧૧ નંબરના વોર્ડ સરદારનગર ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવે છે. ભાજપના સત્તાવાર ૧૭/૨/૨૦૨૫ના રોજ અમદાવાદ ભાજપ શહેર પ્રમુખનો સત્તાવાર લેટર રાહુલભાઈ કોરીના નામનો દર્શાવેલ છે. રાહુલભાઈ કોરી વિવિધ ભાજપના આગેવાનો અને ભાજપના ખેસ પહેરીને વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફ દર્શાવ્યા છે. બીજીબાજુ અમદાવાદ શહેરના કંટ્રોલરૂમની પણ જવાબદારી નિભાવે છે. કંટ્રોલરૂમમાંથી પોસ્ટલ બેલેટ પેપર આવતા હોય છે. કર્મચારી ચૂંટણી પ્રક્રિયામાં મતદાન કરવા અલગથી આયોજન થતું હોય છે. આ ગંભીર બાબત અંગે ચૂંટણી આયોગને અગાઉ પણ જાણ કરી છે. મોટાભાગના જિલ્લાના હોમગાર્ડના કમાન્ડન્ટ ભાજપ-આર.એસ.એસ. સાથે સંકળાયેલા છે. ત્યારે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતી-ગોલમાલ ન થાય અને તમામ પારદર્શક રીતે મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તાત્કાલિક ચૂંટણી પ્રક્રિયાથી દુર રાખવામાં આવે.

### પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતનું આહ્‌વાન

## સાવરકુંડલા શહેરનાં વિકાસ માટે કોંગ્રેસ પક્ષને વિજેતા બનાવવા હાંકલ

**પાલિકાની ચૂંટણીનાં ૩૬ ઉમેદવારો સાથે બેઠક યોજાઈ**



અમરેલી, તા. ૧૫

સાવરકુંડલા નગરપાલિકાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસનાં ઉમેદવારો અને કાર્યકર્તાઓ સાથે યોજાયેલી બેઠકમાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે આત્મવિશ્વાસભરી સ્પીચ આપેલ તેમણે જણાવ્યું કે, આજે લોકો વિકાસ, પારદર્શિતા અને સાચી સેવા માંગે છે, જે કોંગ્રેસ હંમેશા આપી છે અને આગળ પણ આપશે.

વધુમાં જણાવ્યું કે, ભાજપ પર પ્રહાર કરતાં કહ્યું કે, વર્ષોથી વચનો આપવામાં આવ્યા છે, પરંતુ જમીન પર વિકાસ દેખાતો નથી. સ્થાનિક મુદ્દાઓ જેમ કે પાણી, રસ્તા, સ્વચ્છતા અને રોજગાર જેવા પ્રશ્નો હજી યથાવત છે. કોંગ્રેસનો મુખ્ય ઉદ્દેશ લોકોનાં પ્રશ્નોને પ્રાથમિકતા આપવાનો છે, માત્ર પ્રચાર નહીં પરંતુ પ્રામાણિક કાર્ય કરવાનો છે.

તેમણે કોંગ્રેસમાં જોડાયેલા ભરવાડ સમાજનાં અગ્રણી ભોળાભાઈ અને અન્ય કાર્યકર્તાઓનું સ્વાગત કરતાં કહ્યું કે, આ જોડાણ માત્ર વ્યકિતગત નથી, પરંતુ જનસમર્થનનું પ્રતિબિંબ છે. ભાજપનાં અનેક કાર્યકર્તાઓ પણ આજે કોંગ્રેસમાં વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે, જે પરિવર્તનની સ્પષ્ટ નિશાની છે.

બેઠકમાં ૩૬ ઉમેદવારો સાથે ચર્ચા કરતાં તેઓએ જીત માટેની વ્યૂહરચનાં સમજાવી. તેમણે દરેક ઉમેદવારને ઘેરઘેર જઈને લોકો સાથે સીધો સંપર્ક કરવા, તેમના પ્રશ્નો સાંભળવા અને વિશ્વાસ જીતવા માટે પ્રેરિત કર્યા.

અંતમાં તેમણે જણાવ્યું કે, આ ચૂંટણી માત્ર સત્તા મેળવવાની નથી, પરંતુ સાવરકુંડલાનાં ભવિષ્યને નવી દિશા આપવાની છે. "કોંગ્રેસનો ખેસ માત્ર પાર્ટીનું પ્રતિક નથી, પરંતુ સેવા, સંકલ્પ અને જનહિતનું પ્રતિક છે. લોકોનો આશીર્વાદ અને સમર્થન સાથે કોંગ્રેસ આ વખતે ચોક્કસ જીતશે," એમ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ડ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિલ્વર ચેમ્બર્સ, શાકમાર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન ઇ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45





















### બિહારમાં ૭૫ વર્ષમાં પહેલીવાર ભાજપના મુખ્યમંત્રી

# સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા

## જેડીયુના કોટાથી વિજયકુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા : ફક્ત ત્રણ નેતાઓના જ શપથગ્રહણ થયા

પટણા, તા.૧૫

બિહારમાં ભાજપે ઈતિહાસ રચ્યો છે. ૭૫ વર્ષમાં પહેલીવાર રાજ્યમાં ભાજપના મુખ્યમંત્રી બન્યા છે. સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ સૈય્યદ અતા હસનૈને તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. તેમણે બિહારના ૨૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધી. સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા જ્યારે જેડીયુના કોટાથી વિજયકુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. આજે ફક્ત આ ત્રણ નેતાઓના જ શપથગ્રહણ થયા. આ ભવ્ય શપથગ્રહણ સમારોહમાં ભાજપના અધ્યક્ષ નીતિન નબીન, કેન્દ્રીયમંત્રી જેપી નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી ખાસ હાજર રહ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમાર પણ હાજર રહ્યા. શપથ લેતા પહેલા સમ્રાટ ચૌધરી મંદિર ગયા અને ત્યાં પૂજાપાઠ પણ કર્યા હતા. મંગળવારે સાંજે ભાજપે આ વખતે વધુ ન ચોંકાવતા વિધાયક દળના નેતા તરીકે સમ્રાટ ચૌધરીને ચૂંટ્યા હતા. આ સાથે જ હવે બિહારમાં સમ્રાટ યુગ શરૂ થશે.

સમ્રાટ ચૌધરીના નામ પર નીતિશકુમાર પણ રાજી હતા. મંચ પરથી તેમણે અનેક વખત ઈશારામાં સમ્રાટને આગળ પણ વધારેલા હતા. સીએમ પદ મળ્યા બાદ સમ્રાટ ચૌધરીએ કહ્યું હતું કે વિધાયક દળની બેઠકમાં નીતિશકુમારે પોતે જ તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેમને આશીર્વાદ આપ્યા હતા. બિહારના રાજકીય ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાયો છે. સમ્રાટ ચૌધરીએ પટનાના લોકભવનમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં બિહારના ૨૪મા મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કર્યા છે. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને તેમને શપથ લેવડાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બિહારના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ નેતાએ મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળી હોય. સમ્રાટ ચૌધરીની સાથે જદયુ ક્વોટામાંથી વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આજના કાર્યક્રમમાં માત્ર આ ત્રણ નેતાઓના જ શપથ લેવામાં આવ્યા છે, શપથ સમારોહમાં હાજરી આપવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી જેવા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમ્રાટ ચૌધરીની વાત કરીએ તો તેમનું કોઈ આરએસએસ બેકગ્રાઉન્ડ કે પહેલેથી ભાજપમાં હતા એવું નહતું. પરંતુ આમ છતાં બિહારમાં પહેલીવાર ભાજપના સીએમ અને એ પણ તેમના નામે કળશ ઢોળાયો. સમ્રાટ ચૌધરીએ પોતાની રાજકીય ઈનિંગની શરૂઆત લાલુ પ્રસાદ યાદવની આરજેડીથી કરી હતી. ત્યારબાદ જેડીયુમાં થઈને ૮ વર્ષ પહેલા ભાજપમાં જોડાયા હતા. આરજેડી અને જેડીયુમાં હતા ત્યારે સમ્રાટ ચૌધરી વિધાયક અને મંત્રી જરૂર બન્યા હતા પરંતુ રાજનીતિક બુલંદી ભાજપમાં આવીને મેળવી. સમ્રાટ જે સ્પીડથી આગળ વધ્યા તમામ ભાજપના નેતાઓને તેમણે પાછળ છોડ્યા અને આજે તેઓ ભાજપના મુખ્યમંત્રી બન્યા. બિહારના રાજકારણમાં સમ્રાટ ભાજપના કુશળ રણનીતિકાર અને પછાત વર્ગના ચહેરા તરીકે આગળ આવ્યા. નીતિશની એનડીએમાં વાપસી થતા સમ્રાટ ચૌધરી ભાજપના કોટામાંથી ડેપ્યુટી સીએમ બન્યા હતા. તેમણે રામલલ્લાને પાઘડી સોંપી અને નીતિશના રાજકીય વારસદાર તરીકે પોતાને મજબૂત કરવામાં મહેનત કરી.

ડેપ્યુટી સીએમ હતા ત્યારે સમ્રાટ ચૌધરી સત્તાના એક મજબૂત પ્રશાસક અને ભરોસાપાત્ર વિકલ્પ તરીકે ઊભર્યા. પરિણામ સ્વરૂપે ૨૦૨૫ની ચૂંટણીમાં સમ્રાટ ચૌધરી વિપક્ષી દળોના નિશાને પણ રહ્યા. જેના કારણે ૨૦૨૫ની જીત બાદ નીતિશકુમારે સમ્રાટને ડેપ્યુટી સીએમ ફરીથી બનાવ્યા અને બિનસત્તાવાર રીતે પોતાના વારસદાર પણ જણાવ્યા. ભાજપના વિધાયકોએ તેમને સર્વસંમતિથી પોતાના નેતા માન્યા હતા.

### ટ્રમ્પ ઈરાનને લઈને થોડા નરમ પડતા દેખાઈ રહ્યા છે

# ટ્રમ્પે કરી મોટી જાહેરાત- હું હોર્મુઝ હંમેશા માટે ખોલી રહ્યો છું

## પાકિસ્તાનમાં ફરી ઈરાન સાથે બેઠક થવાના સમાચારો વચ્ચે ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર મોટી જાહેરાત કરી છે

વોશિંગ્ટન, તા.૧૫

હોર્મુઝમાં અમેરિકન નાકાબંધી વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને લઈને થોડા નરમ પડતા દેખાઈ રહ્યા છે. પાકિસ્તાનમાં ફરી ઈરાન સાથે બેઠક થવાના સમાચારો વચ્ચે ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, હું હોર્મુઝ હંમેશા માટે ખોલી રહ્યો છું. આ ચીન અને દુનિયા માટે કરી રહ્યો છું.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "ચીન ખૂબ ખુશ છે કે હું હોર્મુઝ કાયમી ધોરણે ખોલી રહ્યો છું. હું આ તેમના માટે પણ કરી રહ્યો છું - અને વિશ્વ માટે પણ. આ પરિસ્થિતિ ફરી ક્યારેય ઊભી થશે નહીં. તેઓ(ચીન) ઈરાનને હથિયારો ન મોકલવા માટે સંમત થયા છે. પ્રમુખ શી જિનપિંગ જ્યારે હું થોડા અઠવાડિયામાં ત્યાં પહોંચીશ ત્યારે મને ઉમળકાભેર ગળે લગાવશે. અમે ખૂબ જ સમજદારીપૂર્વક અને સારી રીતે સાથે મળીને કામ કરી રહ્યા છીએ! શું આ લડાઈ કરવા કરતા વધુ સારું નથી??? પરંતુ યાદ રાખજો, જો અમારે લડવું પડે, તો અમે તેમાં પણ ખૂબ કુશળ છીએ - બીજા કોઈ પણ કરતા ઘણા ચડિયાતા!!! રાષ્ટ્રપતિ DJT" આ સિવાય એક રિપોર્ટ સામે આવ્યો છે કે, વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે વધુ ૨ અઠવાડિયા સુધી સીઝફાયર લંબાવાયું છે. હોર્મુઝ અને પરમાણુ હથિયારોના મામલે બંને દેશો વચ્ચે તકરાર વધી ગઈ હતી, પરંતુ હાલના ઘટનાક્રમથી તણાવ ઓછો થવાની આશા વ્યક્ત કરાઈ રહી છે. ન્યૂઝ એજન્સી APના રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર વધારવા મામલે મહત્ત્વની અપડેટ મળી છે. મધ્યસ્થીઓના પ્રયાસમાં પ્રગતિ થઈ છે, કારણ કે આશા છે કે, બંને વિરોધી પક્ષ ટૂંક સમયમાં જ વાતચીત કરી શકે છે.

અમેરિકા-ઈરાને સીઝફાયર વધારવા મામલે સહમતી પણ દર્શાવી છે. જો ફરી બંને દેશો વચ્ચે વાટાઘાટો થાય છે તો ત્રણ મુદ્દા સામેલ હશે. જેમાં પહેલો પરમાણુ કાર્યક્રમનો છે. બીજો હોર્મુઝથી જોડાયેલો અને ત્રીજો મુદ્દો વળતરને લઈને હશે.

# મહિલા અનામત લાગૂ કરવાની તૈયારીઓ, લોકસભા સીટો ૮૫૦ કરવાનો પ્રસ્તાવ

## બિલમાં મતવિસ્તારોનું ફરીથી નિર્ધારિણ કરવા માટે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાને આધાર બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૫

પહેલા દેશની સંસદનું બિલ્ડિંગ બદલાયું અને હવે સંસદના નીચલા ગૃહ લોકસભાના વિસ્તરણની તૈયારીઓ થઈ રહી છે. લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મુદ્દે સરકાર ૩ બિલ સંસદમાં રજૂ કરવાની તૈયારી કરી રહી છે. જો તેના પર મહોર લાગી જશે તો લોકસભાની સીટોમાં વધારો થઈ જશે અને હાલ જે ૫૪૩ સીટો છે તે વધીને ૮૫૦ સુધી પહોંચી શકે છે. આ અંગેનું બિલ ૧૬ એપ્રિલના રોજ લોકસભામાં રજૂ થઈ શકે છે. હવે તમને સવાલ એ થશે કે તે લાગૂ થયા બાદ કયા રાજ્યમાં કેટલી લોકસભા સીટો થશે કે ખાસ જાણો. આ જોગવાઈઓમાં કહેવાયું છે કે રાજ્યોને ૮૧૫ સીટો આપવામાં આવશે. જેની સંખ્યા પહેલા ૫૩૦ હતી. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશો પાસે જે ૧૫ સીટો હતી તે વધીને ૩૫ સીટો થઈ જશે. બિલમાં મતવિસ્તારોનું ફરીથી નિર્ધારણ કરવા માટે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાને આધાર બનાવવામાં આવશે. સરકારે જે ત્રણ બિલ લાવવા જઈ રહી છે તેમાં બંધારણ (૧૩૧મું સંશોધન) બિલ ૨૦૨૬, પરિસીમન બિલ ૨૦૨૬ તથા કેન્દ્રશાસિત કાનૂન (સંશોધન) બિલ ૨૦૨૬ સામેલ છે.

બિલમાં લોકસભા અને વિધાનસભાઓમાં એક તૃતિયાંશ સીટો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે. જેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓ માટે પણ અનામત સામેલ હશે. આ અનામત રોટેશનના આધાર પર લાગૂ થશે, એટલે અલગ અલગ ચૂંટણીઓમાં અલગ અલગ સીટો મહિલાઓ માટે અનામત કરવામાં આવશે. મહિલાઓ માટે આ અનામત ૧૫ વર્ષ સુધી લાગૂ રહેશે. એટલે કે ૨૦૨૯, ૨૦૩૪ અને ૨૦૩૯ની ચૂંટણી સુધી.

અનામત સીટો દર ચૂંટણીમાં બદલાતી રહેશે. જેથી કરીને મહિલાઓને દરેક જગ્યાએ પ્રતિનિધિત્વ મળી શકશે. વર્તમાન લોકસભા કે વિધાનસભાની સંરચના તેના કાર્યકાળ સમાપ્ત થવા સુધી યથાવત રહેશે અને આ દરમિયાન થનારી પેટાચૂંટણી જૂના પરીસિમનના આધારે જ કરાવવામાં આવશે.એવું માનવામાં આવી રહ્યું છે કે ઉત્તરના રાજ્યોમાં નવી સીટોની સંખ્યામાં ખાસ વધારો જોવા મળશે. ૮૦ સીટો ધરાવતા ઉત્તર પ્રદેશમાં સંખ્યા વધીને ૧૨૫ થઈ શકે છે. જ્યારે બિહારમાં લોકસભાની સીટો ૪૦થી વધીને ૬૨ અને મહારાષ્ટ્રમાં ૪૮ સીટોથી વધીને ૭૫ થઈ શકે છે. એવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે કે તમિલનાડુમાં સીટોની સંખ્યા વધીને ૨૯થી ૬૧ થઈ શકે છે. કેરળમાં પણ આંકડો ૨૦થી વધીને ૩૧ થઈ શકે છે. ગુજરાતની વાત કરીએ તો હાલ જે ચર્ચા છે તે મુજબ ગુજરાતની લોકસભા સીટો ૨૬ છે જે વધીને ૩૯ થઈ શકે છે. (પ્રસ્તાવિત) જ્યારે વિધાનસભા સીટો હાલ જે ૨૭૨ છે તેમાં ૮૦ સીટોનો વધારો થઈ શકે છે.

### ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦ એપ્રિલે અમેરિકા પહોંચશે

# મોદી-ટ્રમ્પની વાતચીત બાદ ભારતીય ડેલિગેશન US જશે

## ભારતીય પ્રતિનિધિમંડળ ટ્રેડ ડીલ અને ટેરિફ મુદ્દે આગામી સપ્તાહે વોશિંગ્ટન પહોંચીને અમેરિકન નેતાઓ સાથે બેઠક કરશે

નવી દિલ્હી, તા.૧૫

ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય પ્રતિનિધિમંડળ ટ્રેડ ડીલ અને ટેરિફ મુદ્દે આગામી સપ્તાહે વોશિંગ્ટન પહોંચીને અમેરિકન નેતાઓ સાથે બેઠક કરશે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૪૦ મિનિટ સકારાત્મક વાતચીત થયા બાદ આ નિર્ણય લેવાયો છે.સૂત્રોના જણાવ્યા મુજબ, ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦થી ૨૨ એપ્રિલ દરમિયાન અમેરિકા જવાનું છે. આ દરમિયાન બંને દેશો ટ્રેડ ડીલ અને ટેરિફ સંબંધી ગૂંચવાયેલા મુદ્દાઓનો નિવેડો લાવવા પર અને સમજૂતીને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. ટ્રેડ ડીલને લઈને બંને દેશો વચ્ચે અનેક બેઠકો યોજાઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણાયક નિર્ણય લેવાયો નથી.ગઈકાલે (૧૪ એપ્રિલે) વડાપ્રધાન મોદી અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ વચ્ચે ૪૦ મિનિટ સુધી ટેલિફોનિક વાતચીત થઈ હતી. અમેરિકા-ઈરાન વચ્ચે બે સપ્તાહનું યુદ્ધવિરામ જાહેર કર્યા બાદ અને ઈસ્લામાબાદમાં મંત્રણા નિષ્ફળ ગયા બાદ બંને નેતાઓ વચ્ચે પહેલીવાર આ વાતચીત થઈ હતી. ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે બંને નેતાઓઓ વચ્ચે સકારાત્મક વાતચીત થઈ હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, બંને નેતાઓ વચ્ચે ટ્રેડ ડીલ સહિત અનેક મહત્ત્વના ક્ષેત્રો પર ચર્ચા થઈ છે. અમેરિકન રાજદૂતે સંકેત આપ્યા છે કે, આગામી દિવસોમાં ભારત-અમેરિકા વચ્ચે ઊર્જા સહિત અનેક મોટા સમજૂતી થઈ શકે છે. વડાપ્રધાન મોદીએ પણ એક્સ પર પોસ્ટ કરીને ટ્રમ્પ સાથે વાતચીત કરી હોવાની માહિતી આપી છે. તેમણે લખ્યું હતું કે, 'મારા મિત્ર રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોન આવ્યો હતો. અમે દ્વિપક્ષીય સંબંધો હેઠળ વિવિધ સેક્ટરોમાં થયેલી મહત્ત્વની પ્રગતિ પર સમીક્ષા કરી છે. અમે તમામ સેક્ટરોમાં વ્યાપક અને વૈશ્વિક ભાગીદારી વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે મધ્ય-પૂર્વની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. આ ઉપરાંત હોર્મુઝ જળમાર્ગ ખુલ્લો રાખવા અને સુરક્ષિત રાખવાના મહત્ત્વ પર પણ ચર્ચા કરી હતી.'

### ક્યાંક કાળઝાળ ગરમી તો ક્યાંક ભારે વરસાદનું એલર્ટ

# દેશના મોટાભાગના ભાગોમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે

## મધ્ય ભારત, મહારાષ્ટ્ર, વિદર્ભ, છત્તીસગઢ, તેલંગાણા, રાયલસીમા-કર્ણાટકના ભાગોમાં ગરમીની અસર રહેશે

નવી દિલ્હી, તા.૧૫

એપ્રિલ મહિનાનો અડધો પૂરો થવાને કારણે દેશના મોટાભાગના ભાગોમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તડકો અને ગરમ પવનોને કારણે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૬ એપ્રિલે દેશમાં બે અલગ અલગ હવામાન પેટર્નનો અનુભવ થશે. મધ્ય અને દક્ષિણ ભારતના ઘણા વિસ્તારોમાં ગરમીનું મોજું રહેશે, જ્યારે પર્વતીય અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી છે.આજે મધ્ય ભારત, મહારાષ્ટ્ર, વિદર્ભ, છત્તીસગઢ, તેલંગાણા, રાયલસીમા અને કર્ણાટકના ભાગોમાં ગરમીની અસર રહેશે. ઉત્તરપૂર્વ ભારત અને પશ્ચિમ હિમાલયના પ્રદેશોમાં જોરદાર પવન, વાવાઝોડા અને વરસાદ ચાલુ રહેશે. ગુજરાત અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં પણ હળવો વરસાદ પડી શકે છે.હવામાનમાં આ ફેરફાર ચક્રવાતી પરિભ્રમણ અને પશ્ચિમી વિક્ષેપ સહિત અનેક સિસ્ટમોને કારણે છે. દક્ષિણપૂર્વ પાકિસ્તાન અને રાજસ્થાન પર એક સિસ્ટમ સક્રિય છે. ૧૮ એપ્રિલ સુધી વરસાદની આગાહી : વધુમાં, આસામથી તમિલનાડુ સુધી એક ટ્રફ લાઈન હવામાનને અસર કરી રહી છે. ઉત્તરપશ્ચિમ ભારતમાં હાઈ-સ્પીડ જેટ સ્ટ્રીમ પણ હાજર છે. ૧૫ એપ્રિલની રાત્રે હિમાલયના પ્રદેશોમાં એક નવું પશ્ચિમી વિક્ષેપ પહોંચશે, જે ૧૮ એપ્રિલ સુધી વરસાદ અને હિમવર્ષામાં વધારો કરી શકે છે.

૧૫ એપ્રિલની રાત્રે જમ્મુ અને કાશ્મીર, લદાખ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા શરૂ થઈ શકે છે. આ વિસ્તારોમાં જોરદાર પવન પણ ફૂંકાશે. ૧૭ થી ૧૯ એપ્રિલ દરમિયાન હિમાચલ પ્રદેશમાં વરસાદ વધવાની ધારણા છે. કેટલાક વિસ્તારોમાં કરા પડવાની પણ શક્યતા છે.આજે મધ્ય મહારાષ્ટ્ર, ઉત્તર કર્ણાટક, રાયલસીમા અને તેલંગાણામાં ગરમ પવન ફૂંકાશે. ૧૬ થી ૧૯ એપ્રિલ દરમિયાન મધ્ય પ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઓડિશા, રાજસ્થાન અને ઝારખંડમાં પણ ગરમીનું મોજું વધુ તીવ્ર બની શકે છે. ઘણા દરિયાકાંઠાના અને પૂર્વી રાજ્યોમાં, લોકો ગરમી અને ભેજથી પરેશાન રહેશે.આગામી થોડા દિવસોમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન ૪ થી ૫ ડિગ્રી વધવાની ધારણા છે. મધ્ય ભારતમાં પણ ૨ થી ૪ ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે. મહારાષ્ટ્ર, તેલંગાણા અને આસપાસના વિસ્તારોમાં ગરમી તીવ્ર રહેવાની ધારણા છે. દિલ્હીમાં પણ ગરમી સતત વધી રહી છે. આગામી દિવસોમાં તાપમાનમાં ૪ થી ૫ ડિગ્રીનો વધારો થઈ શકે છે. દિવસ દરમિયાન તીવ્ર સૂર્યપ્રકાશ અને ગરમ પવનો રહેશે.

ઉત્તર પ્રદેશમાં, હાલ માટે હવામાન શુષ્ક રહેશે, તાપમાન ધીમે ધીમે વધશે. પશ્ચિમી ભાગોમાં ગરમ પવનો ફૂંકાઈ શકે છે, જ્યારે પૂર્વીય પ્રદેશોમાં ભેજ વધી શકે છે. ઉત્તરાખંડમાં હવામાનમાં ફેરફાર થવાની ધારણા છે, જ્યાં હળવો વરસાદ અને ઠંડા પવનો ફૂંકાઈ શકે છે, જેનાથી પહાડી વિસ્તારોમાં રાહત મળશે.ઉત્તરપૂર્વ ભારતમાં હવામાન સક્રિય રહેશે. અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદની અપેક્ષા છે, જ્યારે આસામ અને મેઘાલયમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે. અન્ય રાજ્યોમાં વાવાઝોડા અને વીજળી પણ શક્ય છે. આ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ તાપમાનમાં નોંધપાત્ર વધારો થવાથી અટકાવશે.

### હવે કેન્દ્ર સરકાર સિક્યોરિટી આપશે

# પંજાબ સરકારે રાઘવ ચઢ્ઢા પાસેથી Z+ સિક્યોરિટી છીનવી લીધી

## રાજ્યસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડર પદેથી હટાવ્યાના થોડા દિવસ બાદ પંજાબ સરકાર તરફથી આ પગલું ઉઠાવવામાં આવ્યું

ચંદીગઢ, તા.૧૫

રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને લઈ મોટા સમાચાર આવ્યા છે. પંજાબની ભગવંત માન સરકાર તરફથી રાઘવ ચઢ્ઢાને આપવામાં આવતી Z+ સિક્યોરિટી કવર હટાવી દીધું છે.

આમ આદમી પાર્ટી દ્વારા રાઘવને રાજ્યસભામાં પાર્ટીના ડેપ્યુટી લીડર પદેથી હટાવ્યાના થોડા દિવસ બાદ પંજાબ સરકાર તરફથી આ પગલું ઉઠાવવામાં આવ્યું છે. હવે સૂત્રો દ્વારા જાણવા મળે છે કે હવે રાઘવ ચઢ્ઢાને કેન્દ્ર તરફથી Z+ સિક્યોરિટી આપવામાં આવશે.પંજાબના રાજકારણમાં હાલમાં હલચલ તેજ થઈ ગઈ છે. આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાની Z+ કેટેગરીની સુરક્ષાને પંજાબ પોલીસ દ્વારા પાછી લેવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, આ નિર્ણય ગયા અઠવાડિયે લેવામાં આવ્યો અને પાર્ટી નેતૃત્વના તેમના સાથે વધતા મતભેદોના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે. જો કે હવે તેમને કેન્દ્ર સરકાર તરફથી સુરક્ષા આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. હાલમાં દિલ્હી પોલીસને તેમની સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યાં સુધી ઔપચારિક કેન્દ્રીય સુરક્ષા વ્યવસ્થા લાગુ નથી થતી.

આમ આદમી પાર્ટીની અંદર ચાલી રહેલા આ વિવાદે રાજકારણમાં નવી ચર્ચાને જન્મ આપ્યો છે. હાલમાં જ પાર્ટીએ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં ઉપનેતા પદેથી હટાવી દીધા હતા. આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા ચઢ્ઢાએ કહ્યું હતું કે તેમને હરાવ્યા નથી, પણ ચૂપ કરાવવાની કોશિશ કરી છે. તેમના આ નિવેદનને પાર્ટી નેતૃત્વની વિરુદ્ધ ડાયરેક્ટ મેસેજ તરીકે જોવામાં આવે છે. પાર્ટીના અમુક નેતાઓએ ચઢ્ઢા પર આરોપ લગાવ્યો છે કે તેમને સંસદમાં પંજાબ સાથે જોડાયેલા મુદ્દાને પ્રભાવી રીતે નથી ઉઠાવ્યા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ આક્રમક વલણ અપનાવવાની જગ્યાએ સોફ્ટ પીઆરમાં વધારે ધ્યાન આપ્યું. આ આરોપના કારણે પાર્ટી અને ચઢ્ઢા વચ્ચે ખાઈ વધતી ગઈ.રાઘવ ચઢ્ઢાએ આ તમામ આરોપોને ફગાવી દીધા છે. તેમનું કહેવું છે કે સંસદમાં તેમનું કામ જનહિતના મુદ્દા ઉઠાવવાનું છે. નહીં કે ખાલી હોબાળો કરવાનો. આ દરમ્યાન રાઘવ ચઢ્ઢા સોશિયલ મીડિયા દ્વારા સતત પોતાની સક્રિયતા દેખાડી રહ્યા છે. તેમના કેટલાય વીડિયો અને પોસ્ટ શેર કરી પોતાના કામકાજને સામે રાખી રહ્યા છે અને પાર્ટીની ટીકાનો જવાબ આપી રહ્યા છે. હાલમાં જ તેમણે એક વીડિયો પર ઈન્ટરેસ્ટિંગ થોટ ટિપ્પણી કરી હતી. જેની ખૂબ ચર્ચા થઈ હતી. તેમાં સૂચનો આપવામાં આવ્યા હતા કે તેઓ પોતાની અલગ રાજનીતિક પાર્ટી બનાવવી જોઈએ. તેનાથી તેમના ભવિષ્યને લઈને અટકળો તેજ થઈ ગઈ છે.

### મોદી સરકારનું સ્ત્રી સશક્તિકરણની દિશામાં પગલું

# અનામત બિલ માટે તમામ ક્ષેત્રની મહિલાઓને સંસદનું આમંત્રણ

## કેન્દ્ર સરકારે દેશભરના વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલી મહિલાઓને દિલ્હી બોલાવીને વિશાળ જનસંપર્ક પ્લાન તૈયાર કર્યો છે

નવી દિલ્હી, તા.૧૫

સંસદમાં ગુરુવારથી શરૂ થનારી ત્રણ દિવસીય વિશેષ બેઠક માટે તૈયાર થઈ રહી છે, જેમાં મહિલા અનામત બિલ પર ચર્ચા થવાની છે, ત્યારે કેન્દ્ર સરકારે દેશભરના વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલી મહિલાઓને દિલ્હી બોલાવીને વિશાળ જનસંપર્ક પ્લાન તૈયાર કર્યો છે. આ પહેલનો ઉદ્દેશ આ ચર્ચાને ઐતિહાસિક ક્ષણ તરીકે ચિહ્નિત કરવાનો છે, જેમાં સમાજના વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ જોવા મળે તે બાબતને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી છે. જેમાં છેવાડાના કામદારોથી લઈને ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને જાણીતા જાહેર વ્યક્તિત્વો સુધી તમામને દિલ્હી આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

તેલુગુ દેશમ પાર્ટી (TDP) પોતાના મહિલા ધારાસભ્યો, કોર્પોરેશન અધ્યક્ષાઓ અને મહિલા મંત્રીઓને આ બિલ પરની ચર્ચા દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં હાજર રાખવાની યોજના બનાવી રહી છે.

બીજી તરફ, શિવસેના વિવિધ સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતી મહિલાઓને આમંત્રિત કરી રહી છે, જેમાં સફાઈ કામદારો, મજૂરો, સ્વસહાય જૂથોની સભ્યો અને લાડકી બહેન યોજનાના લાભાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં ઘણી મહિલાઓ પ્રથમ વખત દિલ્હી જઈ રહી છે અને કેટલાક માટે તો આ પ્રથમ હવાઈ મુસાફરીનો અનુભવ હશે.

આ સાથે, કેન્દ્ર સરકારે જાણીતા નાગરિકો, સેલિબ્રિટીઓ અને સશસ્ત્ર દળોની મહિલાઓને પણ આમંત્રણ પાઠવ્યા છે, જેથી આ સત્રને વ્યાપક અને સર્વસમાવેશક બનાવવામાં સફળતા હાંસલ કરી શકાય. આ વિશેષ બેઠક, જે ૨૦૨૩માં પસાર થયેલા "નારી શક્તિ વંદન અધિનિયમ"માં સુધારા અંગે ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી છે, તેમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા આરક્ષણના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત થવાની શક્યતા છે.

આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભામાં સંબોધન કરી શકે છે અને બિલ માટેનો રોડમેપ રજૂ કરવાની અપેક્ષા છે. લોકસભામાં લગભગ ૧૮ કલાક અને રાજ્યસભામાં ૧૦ કલાક ચર્ચા થવાની શક્યતા છે, જ્યારે મતદાન શનિવારે યોજાશે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ચર્ચાનો જવાબ આપશે એવી અપેક્ષા છે.બિલ મુજબ, લોકસભામાં કુલ સભ્યોની મહત્તમ સંખ્યા ૮૫૦ સુધી રાખવાની જોગવાઈ છે, જેમાંથી ૮૧૫ સુધી રાજ્યોથી અને ૩૫ સુધી કેન્દ્રશાસિત પ્રદેશોથી પ્રતિનિધિઓ હશે. અંતિમ બેઠકોનું વહેંચાણ ડિલિમિટેશન કમિશન દ્વારા નક્કી કરવામાં આવશે.

વડાપ્રધાને આ પગલાને "રાષ્ટ્રની ભાવના" અને "નારી શક્તિના અવાજ" તરીકે વર્ણવ્યું છે, અને આવનારી ચર્ચા ભારતમાં મહિલાઓના રાજકીય પ્રતિનિધિત્વના ભવિષ્યને આકાર આપશે તેવી અપેક્ષા છે.સરકારે વિરોધ પક્ષનો પણ સંપર્ક કર્યો છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે વાતચીત કરીને બિલને સમર્થન આપવા અપીલ કરી છે.

### દેશભરમાં વાયરલ થઈ આ તસવીર

# મોદીએ એરપોર્ટ પર કોંગ્રેસ સીએમના કાનમાં શું કહ્યું?

## પરંપરાગત ટોપી અને માળા પહેરી મોદીએ અચાનક સિદ્ધારમૈયાના કાનમાં કંઈક કહ્યુ અને તે સમયે આ તસવીર ક્લિક થઈ હતી

બેંગલુરુ, તા.૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે એક દિવસના કર્ણાટકના પ્રવાસે હતા. તેઓ બેંગલુરૂ એરપોર્ટ પર ઉતર્યા તો એક તસવીર વાયરલ થઈ ગઈ છે. હકીકતમાં એરપોર્ટ પર પ્રોટોકોલ પ્રમાણે રાજ્યના મુખ્યમંત્રી કે પ્રતિનિધિની હાજરી જરૂરી હોય છે. કોંગ્રેસી મુખ્યમંત્રી સિદ્ધારમૈયા ખુદ પ્રધાનમંત્રીનું સ્વાગત કરવા ઉભા હતા. પરંપરાગત ટોપી અને માળા પહેરી મોદીએ અચાનક સિદ્ધારમૈયાના કાનમાં કંઈક કહ્યુ અને તે સમયે આ તસવીર ક્લિક થઈ હતી.હવે આ તસવીરને સોશિયલ મીડિયા પર શેર કરી લોકો વિવિધ કેપ્શન આપી રહ્યાં છે. તમે પણ વિચારો, પ્રધાનમંત્રી અને સિદ્ધારમૈયા વચ્ચે શું વાત થઈ હશે. આ તસવીર ચર્ચામાં એટલા માટે છે કારણ કે એક સપ્તાહની અંદર પીએમ ઘણા કોંગ્રેસી નેતાઓ સાથે વાતચીત કરવા જોવા મળ્યા, તો લોકોની ઉત્સુકતા વધી ગઈ હતી.

સામાન્ય રીતે પીએમ કોંગ્રેસ પર પ્રહારો કરતા જોવા મળે છે. પહેલા પીએમ મોદી રાહુલ ગાંધી સાથે ચર્ચા કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ મલ્લિકાર્જુન ખડગે સાથે હાથ મિલાવી કંઈક મજાક કરી અને હવે કોંગ્રેસ શાસિત રાજ્ય કર્ણાટકના મુખ્યમંત્રીના કાનમાં કંઈક કહ્યુ, જેની ચર્ચા લોકો કરી રહ્યાં છે.આમ તો ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે પરંતુ એકવાર ફરી સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર વચ્ચે ખેંચતાણની અટકળો લગાવવામાં આવી રહી છે. થોડી કલાકો પહેલા સિદ્ધારમૈયાએ પોતાના રાજકીય સચિવ નઝીર અહમદને હટાવી દીધા. કારણ પાર્ટી વિરોધી ગતિવિધિ જણાવવામાં આવી રહ્યું છે. અંદરખાને કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ હાઈકમાન્ડ સિદ્ધારમૈયાના નજીકના નેતાઓની ગતિવિધિઓથી ખુશ નથી. બીજીતરફ કોંગ્રેસના ઘણા ધારાસભ્યો રાજ્યમાં મંત્રીમંડળના વિસ્તરણ માટે દબાણ બનાવી રહ્યાં છે.

કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધારમૈયા કેબિનેટમાં ફેરફાર કરવા ઈચ્છે છે પરંતુ નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારનું અલગ વલણ છે. હવે કહેવામાં આવી રહ્યું છે કે વિધાનસભા ચૂંટણી બાદ કોંગ્રેસ હાઈકમાન્ડ કર્ણાટક પર મોટો નિર્ણય લઈ શકે છે.

## યુદ્ધને લીધે એશિયા-પેસિફિક પર ૨૯૯ અબજ ડોલરનો બોજ પડશેઃ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા

# ખાડી યુદ્ધથી ભારતમાં ૨૫ લાખ લોકો પર ગરીબીમાં ધકેલાવાનું જોખમઃ UNDP

### યુએનડીપીના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ભારત તેની જરૂરિયાત પૈકીનું ૯૦ ટકા ઓઈલ આયાત કરે છે જે પૈકીનું ૫૦ ટકા ક્રૂડ અને ૯૦ ટકા એલપીજી પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે

સંયુક્ત રાષ્ટ્ર, તા.૧૫

પશ્ચિમ એશિયામાં છેલ્લાં દોઢ મહિનાથી પણ વધુ સમયથી ચાલી રહેલી લડાઈની અસર ભારત સહિત સમગ્ર વિશ્વ પર વર્તાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ પ્રમાણે ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને પગલે સમગ્ર વિશ્વમાં કુલ ૮૮ લાખ જ્યારે ભારતમાં ૨૫ લાખથી વધુ લોકો ગરીબીમાં ધકેલાવાનું જોખમ સર્જાયું છે. આ ઉપરાંત તેની અસર માનવ વિકાસની વૃદ્ધિ પર પણ પડશે. રિપોર્ટ અનુસાર, આ યુદ્ધને કારણે એશિયા-પેસિફિક પર ૨૯૯ અબજ ડોલરનો જંગી બોજ આવશે. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) દ્વારા તૈયાર કરાયેલાં 'મધ્યપૂર્વમાં સૈન્ય કાર્યવાહીઃ સમગ્ર એશિયા અને એશિયા પેસિફિકના માનવ વિકાસ પર અસર' નામના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, આ યુદ્ધને કારણે ઈંધણ, નૂર ભાડાં તથા પડતર ખર્ચમાં વધારો થવાને કારણે તથા લોકોની ખરીદશક્તિમાં થનારા ઘટાડાને કારણે એશિયા તથા એશિયા પેસિફિકમાં માનવ વિકાસ પર દબાણ સર્જાશે. અહેવાલ અનુસાર, સૈન્ય સંઘર્ષ અને તેની અસરોને કારણે ભારતમાં ગરીબીમાં મોટો વધારો થવાની આશંકા સેવાઈ રહી છે. ભારતમાં ગરીબોની સંખ્યા ૪ લાખથી વધીને ૨૫ લાખ સુધી પહોંચી શકે છે. જ્યારે વૈશ્વિક સ્તરે આ સંઘર્ષના પરિણામે ગરીબીમાં ધકેલાનારા લોકોની સંખ્યા ૧૯ લાખથી વધીને આશરે ૮૮ લાખ થવાનો અંદાજ છે, જેમાં દક્ષિણ એશિયાનો હિસ્સો સૌથી મોટો રહેશે. દક્ષિણ એશિયામાં ૧૭ લાખથી ૮૦ લાખ લોકો ગરીબીનો ભોગ બની શકે છે. અહેવાલમાં વધુમાં જણાવ્યાં અનુસાર, સૈન્ય સંઘર્ષને પરિણામે, ભારતમાં ગરીબીનો દર ૨૩.૯ ટકાથી વધીને ૨૪.૨ ટકા થવાનો અંદાજ છે, જેના કારણે અંદાજે ૨૪,૨૪,૬૯૮ લોકો ગરીબીમાં ધકેલાશે.આ કટોકટી પૂર્વે દેશમાં ૩૫,૧૫,૬૯,૦૦૦ લોકો ગરીબીમાં જીવતા હતા, જે આંકડો વધીને ૩૫,૪૦,૩૩,૬૯૮ થવાની શક્યતા છે. બીજી તરફ, ચીનમાં આ અસર મધ્યમ રહેશે, જ્યાં ગરીબીનું જોખમ ધરાવતા લોકોની સંખ્યા ૧,૧૫,૦૦૦થી વધીને ૬,૨૦,૦૦૦ થવાનો અંદાજ છે, જે તેની વિશાળ વસ્તીના પ્રમાણમાં નાનો ફેરફાર ગણાય છે.યુએનડીપીના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ભારત તેની જરૂરિયાત પૈકીનું ૯૦ ટકા ઓઈલ આયાત કરે છે. જે પૈકીનું ૫૦ ટકા ક્રૂડ અને ૯૦ ટકા એલપીજી પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે. આ ઉપરાંત ભારતની ફર્ટિલાઈઝરની કુલ આયાત પૈકીની ૪૫ ટકા જરૂરિયાત પણ પશ્ચિમ એશિયન દેશોમાંથી કરાતી આયાતમાંથી સંતોષાય છે. ખેતી માટે જરૂરી યુરિયાના સ્થાનિક ઉત્પાદનનો ૮૫ ટકા હિસ્સો આયાતી રિગેસિફાઈડ લિક્વિફાઈડ નેચરલ ગેસ (આરએલએનજી) પર નિર્ભર છે.

## ૧૬ એપ્રિલ, વિખ્યાત હાસ્ય કલાકાર

# ફિલ્મ દિગ્દર્શક, અભિનેતા, કંપોઝર, સંગીતકાર ચાર્લી ચેપ્લીનનો જન્મદિવસ

### આયુર્વેદ, નેચરોપેથી, હોમિયોપેથી, એલોપેથી સાથે લાફટર થેરાપી પણ અપનાવીએ

અમરેલી, તા. ૧૫

સર ચાર્લ્સ સ્પેન્સર ચપ્લિન નો જન્મ ૧૬ એપ્રિલ, ૧૮૮૯ ઈંગ્લેન્ડના પાટનગર લંડનમાં વોલ્વર્થમાં આવેલી ઈસ્ટ સ્ટ્રીટમાં થયો હતો તે એક અંગ્રેજી હાસ્ય કલાકાર અને ફિલ્મ દિગ્દર્શક હતા. ચપ્લિન અમેરિકન સિનેમાના ક્લાસિકલ હોલિવૂડ યૂગના આરંભ અને મધ્ય યુગના જાણીતા અભિનેતા, નોંધપાત્ર ફિલ્મ નિર્માતા, કંપોઝર અને સંગીતકાર પણ હતા. મુંગી ફિલ્મોના યુગમાં ચપ્લિન એક મહાન અને વગ ધરાવતા કલાકાર હતા. તેમણે ફિલ્મોમાં ૭૫ વર્ષ સુધી કામ કર્યુ હતું જેમાં યુકેમાં બાળ કલાકાર તરીકે વિક્ટોરીયન સ્ટેજ અને સંગીત હોલમાં કરેલું કામ અને ૮૮ વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધીના કામોનો સમાવેશ થાય છે. તેમની હાઈપ્રોફાઈલ જાહેર અને અંગત જીંદગી ઘણી જ વિવાદિત રહી છે. મેરી પિકફોર્ડ, ડગ્લાસ ફેરબેન્કસ અને ડી. ડબલ્યુ. ગ્રિફીથ , અને ચપ્લિને સંયુકત રીતે યુનાઈટેડ આર્ટીસ્ટની ૧૯૧૯માં સ્થાપના કરી હતી.



ચપ્લિન અ લાઈફ (૨૦૦૮),પુસ્તકની સમિક્ષા કરતા માર્ટિન શિફે લખ્યું હતું કે "ચપ્લિન માત્ર 'મોટા', ન હતા પરંતુ એક મહાસાગર હતા. ૧૯૧૫માં, વિયુદ્ધના આરંભે ઉભેલા વિને તેમણે હાસ્યની ભેટ આપી. જયારે વિ પોતાને પહેલા વિ યુદ્ધને કારણે હાસ્યની અને રાહતની જરૂર હતી ત્યારે તેમણે આ અમુલ્ય ભેટ આપી. આ બાદ ૨૫ વર્ષ સુધી અને મહામંદી અને હિટલરના ઉદય સુધી તેઓ આ કાર્ય કરતા રહ્યા હતા. તેમના પિતા ગાયક અને અભિનેતા હતા તો તેમની માતા પણ ગાયક અને અભિનેત્રી હતી. ચાર્લી જયારે ત્રણ વર્ષનો હતો ત્યારે તેઓ જુદા પડ્યા હતા. ચાર્લી ગીત ગાવાનું પોતાના માતાપિતા પાસેથી શીખ્યો હતો. જયારે ચપ્લિનની માતાએ ગાવાનું શરૂ કર્યુ ત્યારે તેની કંગાળ સ્થિતિનો અંત આવ્યો હતો. હેન્નાહ માટે ૧૮૯૪ તે એલ્ડેરશોટ ખાતે આવેલા ધ કેન્ટિન , થિયેટરમાં ગાતી હતી ત્યારે પ્રથમ કટોકટી આવી હતી ત્યારે દરમિયાન પાંચ વર્ષનો ચપ્લિન સ્ટેજ પર એકલો જ પહોંચી ગયો અને તે સમયનું પ્રખ્યાત ગીત 'જેક જોન્સ' ગાવા લાગ્યો. આ તેમની પ્રગતિની શરૂઆત હતી.

૧૯૬૦ બાદ તેમની તબિયત બગડવા માંડી હતી. તેમની અંતિમ ફિલ્મ અ કાઉન્ટેસ ફ્રોમ હોંગકોંગ પૂરી કર્યા બાદ અને ૧૯૭૨માં એકેડેમી એવોર્ડ મેળવ્યા બાદ તબિયત વધુને વધુ બગડતી ચાલી.૧૯૭૭માં તબિયત એટલી ખરાબ થઈ કે તેઓ વાતચીત કરી શકતા ન હતા અને વ્હિલચેરમાં ફરવું પડતું હતું. તેઓ પોતાના સ્વિત્ઝલેન્ડના વેવેય ખાતે આવેલા નિવાસ્થાને ૨૫ ડિસેમ્બર ૧૯૭૭માં ઉંઘમાં મૃત્યુ પામ્યાં. તેમને સ્વિત્ઝલેન્ડના વેડમાં આવેલા કબ્રસ્તાન કોર્સિયર–સૂરવેવેયમાં દફનાવવામાં આવ્યા હતા. ૧ માર્ચ ૧૯૭૮ના રોજ તેમના મૃતદેહની કેટલાક સ્વીસ મિકેનિક દ્વારા ચોરી કરવામાં આવી જેથી ચપ્લિનના કુટુંબીજનો પાસેથી તેના બદલે નાણા મેળવી શકાય. પરંતુ કાવતરૂં નિષ્ફળ રહ્યું હતું અને તેમના મૃતદેહને ૧૧ અઠવાડિયા બાદ લેક જીનિવા નજીક દફનાવવામાં આવ્યો હતો. તેમના મૃતદેહને વધુ ચોરી થતો અટકાવવા માટે ૨ મીટર કોન્ક્રીટ નીચે દફનાવવામાં આવ્યો હતો. હાલની સ્થિતિમાં બધાએ આ પ્રકારના હળવા, કોમિક સીરીયલો કે ફિલ્મો જોવા જોઈએ. ચેપ્લીન કહે છે કે એ દિવસ સાવ નકામો નીવડે છે જે દિવસે આપણે બે ઘડી હસ્યા પણ નથી હોતા. હસવું એ માનસિક શાંતિ પ્રદાન કરનારૂ છે. શરીર સ્વસ્થ રાખનારૂ છે. જેમ ૧૯૧૫નાં યુદ્ધનાં કપરા કાળમાં ચાર્લીની મૂંગી હાસ્ય ફિલ્મોને કારણે હકારાત્મકતા જળવાઈ રહી. હળવા, કોમિક સીરીયલો કે ફિલ્મો પણ જોવી જોઈએ તે દ્વારા પોતાના માનસિક સ્વાસસ્થ્યનું પણ ધ્યાન રાખવું જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## એસ.ટી.નાં કર્મચારીઓની જહેમત રંગ લાવી

# અમરેલી એસ.ટી. ડેપોમાં ૨ લેપટોપ ભુલી ગયા બાદ મહિલાને પરત મળી ગયા

### મહિલા લેપટોપ ભુલીને બસમાં રાજકોટ જતા રહ્યા હતા

અમરેલી, તા. ૧૫

અમરેલી ડેપો ખાતે એક મહિલા પ્રવાસી પાંચ નંબરના સ્ટેન્ડ ઉપર બે લેપટોપ, ટેબલેટ કિંમત ૨૪ હજારની બસમાં રાજકોટ તરફ જતા રહેલ અને તેમને મોડેથી યાદ આવતા અમરેલી ડેપોમાં ફોન આવતા ફરજ પરના ટી.સી. સંજયભાઈ રાવળે ફોન પર વાત કરી સમીરભાઈ રાવળ દ્વારા સ્ટેન્ડ ઉપર શોધ ખોળ કરતા સફાઈ કામદાર રમેશભાઈ મકવાણા દ્વારા મદદ મળતા તેમના હાથમાં ટેબલેટ સફાઈ કામદારના હાથમાં આવતા અમરેલી પોઈન્ટમાં જમા કરાવી અને ખાતરી કરી મુળ માલીકને ટ્રાફિક કંન્ટ્રોલરની હાજરીમાં પરત કરેલ પ્રશંસનીય કાર્ય કરેલ તે બદલ મુળ માલીકના પ્રતિનિધિ દ્વારા મળ્યા બદલ સફાઈ કામદાર રમેશભાઈ મકવાણા તેમજ બન્ને ટ્રાફિક કંન્ટ્રોલર અને એસ.ટી. પરિવાર અમરેલી ડેપોનો આભાર માનેલ છે.



# જશવંતગઢ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની ઉજવણી



અમરેલી, તા. ૧૫

જશવંતગઢ ગ્રામ પંચાયત, તા. જી. અમરેલી ખાતે ભારતીય બંધારણનાં ઘડવૈયા, સિમ્બોલ ઓફ નોલેજ, બોધીસત્વ, મહિલાઓના મુક્તિદાતા અને મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભીમ સૈનિકો, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરનાં ફોટોને ફુલહાર અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ "જય ભીમ" ના નાદ સાથે ડો. આંબેડકરનાં સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વનાં વિચારોને યાદ કર્યા હતા.

તેમજ ડો. આંબેડકર કોલોની તથા જશવંતગઢ ગ્રામ પંચાયતનાં સ્ટાફ દ્વારા પણ ડો. બાબાસાહેબ આંબેડકરનાં ફોટાને ફુલહાર અર્પણ કરી અને જય ભીમનાં નારા લગાવી તેમની ૧૩૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

આ અવસરે ઉપસ્થિત લોકોએ ડો. બાબાસાહેબ આંબેડકરનાં વિચારોને જીવનમાં અપનાવી સામાજિક સમાનતા અને ન્યાય માટે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સાવરકુંડલાના આંબરડી ગામે ડો. બાબાસાહેબ આંબેડકર જયંતીની ઉજવણી

આંબરડી, તા. ૧૫

મહામાનવ, ભારતીય બંધારણના ઘડવૈયા, બૌધિસત્વ ભારતરત્ન ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા તથા મોટી સંખ્યામાં લોકો આ શોભાયાત્રામાં જોડાયા હતા અને ગામમાંથી શોભાયાત્રા પસાર થઈ હતી. આ તકે સાવરકુંડલા એપીએમસીનાં ચેરમેન દિપકભાઈ માલાણી, વિજપડી જિલ્લા પંચાયત બેઠકના ભાજપ ઉમેદવાર શરદભાઈ ગૌદાની, વીજપડી જિલ્લા પંચાયત બેઠકના કોંગ્રેસ ઉમેદવાર દીપકભાઈ સભાયા તેમજ તાલુકા પંચાયત આંબરડી બેઠકના ભાજપના ઉમેદવાર બાવચંદભાઈ છોડવડિયા, કોંગ્રેસ ઉમેદવાર હરેશભાઈ, આંબરડી સરપંચ પ્રેમજીભાઈ બગડા, બાબુભાઈ માલાણી, જાબાળ સરપંચ જયદીપભાઇ ખુમાણ, દલિત આગેવાન માવજીભાઈ, રામભાઈ, જીજ્ઞેશભાઈ, નરશીભાઈ સહિત મોટી સંખ્યામાં દલિત સમાજ, મહિલા સહિત ગ્રામજનો જોડાયા હતા.



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

# બાબરામાં સાંસદ ભરત સુતરીયાની બેઠક, સંગઠન મજબૂતી માટે વ્યૂહરચનાં પર ભાર



અમરેલી, તા. ૧૫

અમરેલી લોકસભાનાં સાંસદ ભરત સુતરીયાએ બાબરા ખાતે શહેર ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. બેઠકમાં સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સાંસદએ કાર્યકર્તાઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પક્ષની મજબૂતી કાર્યકર્તાઓની સક્રિયતા અને એકતામાં છે. તેમણે બૂથ સ્તરે મજબૂત માળખું ઉભું કરવા, વધુમાં વધુ મતદારો સુધી પહોંચવા અને જનસંપર્ક વધારવા પર ભાર મૂકયો હતો. આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને સુવ્યવસ્થિત વ્યૂહરચનાં ગોઠવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન વિવિધ વિસ્તારોના મુદ્દાઓ, સ્થાનિક સમસ્યાઓ અને વિકાસનાં પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યકર્તાઓને જવાબદારીપૂર્વક કાર્ય કરવાની અને પક્ષનાં કાર્યક્રમોને સફળ બનાવવા માટે સક્રિય રહેવાની અપીલ કરવામાં આવી હતી.આ બેઠકથી કાર્યકર્તાઓમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો. સૌએ મળીને સંગઠન મજબૂત બનાવવાની સાથે આવનારી ચૂંટણીમાં ભાજપને વિજયી બનાવવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સા.કુંડલાનાં થોરડી ખાતે ડો. બાબા સાહેબ આંબેકડરની જન્મજયંતીની ઉજવણી

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે દેશના ઘડવૈયા બાબા સાહેબને ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે ગામે આસ્થાભેર ઉજવણી કરવામાં આવી છે થોરડી ગામના હિન્દુ મુસ્લિમ તેમજ તમામ સમાજના આગેવાનો હાજર રહી ફૂલોથી સ્વાગત કરવામાં આવેલ હતું આખા ગામમાં રેલી કાઢી તે દરમિયાન ગામના સેવાભાવી મનીષભાઈ શેલડીયા તરફથી શરબતનો ટોલ ખોલી ગામ લોકોના દિલ જીતી લીધા હતા બાબા સાહેબ જન્મ જયંતી નિમિત્તે થોરડી ગામનો ભરપૂર સહકાર મળેલ હતો રેલી દરમિયાન તાલુકા પંચાયતના ઉમેદવાર. ભાજપના ઉમેદવાર શૈલેષભાઈ બરવાળીયા. કોંગ્રેસના ઉમેદવાર કૌશિકભાઈ શેલડીયા આપના ઉમેદવાર. મનીષભાઈ શેલડીયા હાજર રહી દેશના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરને નમન કરી. દલિત સમાજના દિલ જીતી લીધા હતા રેલીના અંતિમ સમય પછી સાથે ભોજન લઈ રેલીનું રૂપાંતર કરેલ છે.



અહેવાલ : રસુલભાઈ પરમાર–થોરડી



# વાંકિયા પ્રાથમિક શાળાનાં બાળકોને ટોપીનું વિતરણ

અમરેલી, તા.૧૫

વાંકિયા – પ્રાથમિક શાળા ખાતે અભ્યાસ કરતા પર પ્રાંતીય શ્રમિક પરિવારના ૬૦ બાળકોને વાડીએ થી શાળાના અપ ડાઉન વખતે તડકાથી રાહત મળે તે હેતુસર ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત ટોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું, આ સાથે જ નિયમિત શાળાએ આવવું, વાડી વિસ્તારમાં, નદીકાંઠે તેમજ ઝાડી ઝાંખરામાં એકલા બાળકોએ અવર જવર કરવી નહીં, કૂવા કે કુંડીની નજીક જવું નહીં, તેમજ સરીસૃપ અને અન્ય જીવજંતુથી દૂર રહેવું અને જોખમોને ઓળખી તેને ઘટાડવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ટોપીના દાતા રમેશભાઈ પરસોતમભાઈ પેથાણી – નિવૃત્ત ઉપસચિવ જળ સિંચાઈ વિભાગ – (ગુજરાત સરકાર) વતન – ગાવડકા હાલ અમદાવાદને યાદ કરીને તેમને અભિનંદન પાઠવતા આભાર વ્યક્ત કરવામાં આવ્યો.



# અમરેલી કોંગ્રેસ કાર્યાલયે પરેશ ધાનાણીએ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો



અમરેલી, તા. ૧૫

અમરેલી શહેર સ્થિત કોંગ્રેસ કાર્યાલયે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ આવનારી સ્થાનિક સ્વરાજય ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો. આ પ્રસંગે કોંગ્રેસનાં આગેવાનો, કાર્યકર્તાઓ તથા મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.પરેશ ધાનાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસનો ઢંઢેરો જનતાની જરૂરિયાતો અને પ્રશ્નોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં ખાસ કરીને પાણી, માર્ગ, આરોગ્ય, શિક્ષણ અને રોજગારી જેવા મુખ્ય મુદ્દાઓને પ્રાથમીકતા આપવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ સત્તામાં આવશે તો લોકોના હિતમાં પારદર્શક અને જવાબદાર શાસન આપશે.તેમણે ભાજપ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, હાલની વ્યવસ્થામાં સામાન્ય લોકોની સમસ્યાઓનો યોગ્ય ઉકેલ નથી મળતો. કોંગ્રેસ જનતાના હિત માટે પ્રતિબદ્ધ છે અને લોકોનો વિશ્વાસ જીતવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.આ પ્રસંગે કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સૌ એ મળીને આવનારી ચૂંટણીમાં કોંગ્રેસને વિજયી બનાવવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનાં અંતે જનહિતનાં મુદ્દાઓ પર વધુ મજબૂતીથી કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

# સુરત : લેઉવા પટેલ વોરા પરિવારનુ સ્નેહમિલન યોજાયુ

વડિયા, તા. ૧૫

સુરત શહેરમાં લેઉવા પટેલ વોરા પરિવારની એકતા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ વોરા પરિવારના સભ્યો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ પરિવારની સર્વાંગી પ્રગતિને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યુવાનો દ્વારા શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને વ્યવસાય જેવા અગત્યના વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ આધુનિક યુગમાં પરિવારનો દરેક સભ્ય આર્થિક અને સામાજિક રીતે સ્વાવલંબન પ્રાપ્ત કરે તે માટે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

વડીલોનું માન–સન્માન જળવાઈ રહે અને નવી પેઢીમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પરિવારની એકતા અને મૂલ્યોને વધુ મજબૂત બનાવવામાં સહાયક બન્યું.આ સ્નેહમિલન સમારોહમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજય કક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમની શોભા વધારી હતી. પોતાના સંબોધનમાં મંત્રીએ સમાજમાં શિક્ષણ, આરોગ્ય અને સંસ્કારના મહત્વ પર ભાર મુકતા જણાવ્યું હતું કે આવાસ્નેહમિલન કાર્યક્રમો સમાજને એકતા, સહકાર અને વિકાસ તરફ દોરી જાય છે. તેમણે યુવાનોને સકારાત્મક દિશામાં આગળ વધવા અને સમાજના વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રેરણા આપી હતી.કાર્યક્રમ દરમિયાન વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. અંતમાં તમામ ઉપસ્થિતોએ એકબીજા સાથે મળીને પરિવારની એકતા અને ભાઈચારો વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.



પાના ૧ ઉપરનું ચાલું
## ભાજપની 3 બેઠક બિનહરીફ થઈ

નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓનું ચિત્ર હવે સ્પષ્ટ બન્યું છે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજકીય ગરમાવો વચ્ચે અનેક બેઠકો પર સીધી અસર જોવા મળી છે. જેમાં અમરેલી નગરપાલિકામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. જયાં કોંગ્રેસના ૬ તથા આમઆદમી પાર્ટીના ૪ ઉમેદવારોએ પોતાનાં ફોર્મ પરત ખેંચતા કોંગ્રસ તથા આમ આદમી પાર્ટી સહિત બંને રાજકીય પક્ષ પીછે હઠ કરતાં જોવા મળ્યા હતાં.

આ ઉપરાંત જાફરાબાદ તાલુકા પંચાયતની ૨ બેઠકો પર કોંગ્રેસના તથા ૨ બેઠકો ઉપર અન્ય ઉમેદવારોએ મેદાન છોડયું છે, જેના કારણે આ ત્રણ બેઠકો પર ભાજપ મજબૂત સ્થિતિમાં આવ્યું છે.

ફોર્મ પરત ખેંચવાના પરિણામે અમરેલી નગરપાલિકાની ૩ અને દામનગર નગરપાલિકાની ૩ બેઠકો ભાજપને બિનહરીફ મળી છે.

આમ જિલ્લામાં આ રાજકીય ફેરફારોને કારણે આગામી ચૂંટણીના પરિણામો માટે ભાજપનું પલ્લું ભારે દેખાઈ રહ્યું છે, જયારે કોંગ્રેસ માટે આ પરિસ્થિતિ ચિંતાજનક બની રહી છે.

અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૬ના રોજ સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે અમરેલી જિલ્લામાં ૬ પાલિકાની ૧૮૪ બેઠક માટે કુલ ૫૫૧ ઉમેદવારીપત્રો ભરાયાં હતાં. જયારે અમરેલી જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ બેઠકો માટે ૬૩૯ ઉમેદવારીપત્રો ભરાયાં હતાં. એક જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ૧૨૭ બેઠક ઉમેદવારીપત્રો ભરાયાં હતાં. આ ભરાયેલ તમામ ઉમેદવારી ચકાસણી દરમિયાન ૧૫૧ ઉમેદવારીપત્ર ટેકનિકલ કારણોસર રદ કરાયા હતાં.

આજે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો છેલ્લા દિવસ હોય ત્યારે અમરેલી પાલિકામાં કોંગ્રેસનાં ૬ તથા આમ આદમી પાર્ટીનાં ૪ ઉમેદવારો મળી કુલ ૧૦ ઉમેદવારોએ પોતાનાં ફોર્મ પરત ખેંચી લેતાં અમરેલી નગરપાલિકાના વોર્ડ નં. ૨ માંથી ભાજપનાં ઉમેદવાર મીનાબેન રવિરાજભાઈ શેખવા તથા વોર્ડ નં. ૮ માંથી પુનમબેન કૌશલભાઈ સાવલિયા તથા વૈશાલીબેન સંદીપભાઈ માંગરોલીયા બિનહરીફ જાહેર થયા છે.

જયારે ધારી નગરપાલિકામાં ૧ ઉમેદવારીપત્ર પરત ખેંચાયા બાદ ધારી નગરપાલિકામાં વોર્ડ નં. ૩ ભાજપનાં ઉમેદવાર પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, ગીતાબેન ગમારા, રૂપાબેન ચાવડા તથા જયદેવભાઈ બસિયા સહિતની આખી પેનલ બિનહરીફ જાહેર થયેલ છે.

દામનગર નગરપાલિકામાં એક પણ ઉમેદવારીપત્ર પરત નહીં ખેંચાયા છતાં ભાજપનાં વોર્ડ નં. ૧ના ઉમેદવાર ભરતભાઈ ચૌહાણ તથા વોર્ડ નં. ૪ના ઉમેદવાર રિધ્ધિબેન ગાંધી તથા ચાંદનીબેન નારોલા બિનહરીફ જાહેર થયા છે.

જયારે જાફરાબાદ તાલુકા પંચાયતની વઢેરા બેઠક ઉપરથી ભાજપનાં ઉમેદવાર ફુલબાઈબેન બાંભણીયા, બાબરકોટ બેઠક ઉપરથી ભાજપનાં ઉમેદવાર રૂપેશભાઈ સાંખટ તથા રોહિસા બેઠક ઉપરથી ભાજપના ઉમેદવાર જીતુભાઈ મકવાણા બિનહરીફ જાહેર થયાં છે.

બાબરા તાલુકા પંચાયતમાં ચમારડી બેઠક ઉપરથી ભાજપનાં કરમદીબેન ગેવરિયા પણ બિનહરફિ જાહેર થયાં છે. આમ આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતાં જ આજ સાંજથી તમામ ઉમેદવારોએ ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી વિજેતા બનાવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી શહેરની હદમાં આવેલા

આ બાબતે કાર્યવાહી જાતે કરવામાં નહીં આવે તો આ પ્રકારની ભયજનક ઈમારતો ઉતારવા માટે અમરેલી નગરપાલિકા દ્વારા કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ ચીફ ઓફિસર, અમરેલી નગરપાલિકા દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ઉંટવડનાં ખોડિયાર ક્વોરીવર્સનાં

નિયંત્રણ બોર્ડના અધિકારી ચંદ્રકાંતભાઈ ઉકાભાઈ પટેલએ આ કામના આરોપીઓ મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી તથા ધર્મેન્દ્રસિંહ જેઠુભા જાડેજા વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ – ૪૬૩, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબની ફરીયાદ બાબરા કોર્ટમાં આપેલી હતી અને તે ફરીયાદના અનુસંધાને સને–૨૦૦૨માં પોલીસ તપાસનો આદેશ કોર્ટ દ્વારા કરવામાં આવલ હતો અને ત્યારબાદ પોલીસે તપાસ કરીને આ કામે આરોપીઓ મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી તથા ધર્મેન્દ્રસિંહ જેઠુભા જાડેજા વિરૂધ્ધ સને–૨૦૦૩ની સાલમાં ચાર્જશીટ કરેલ હતું.

ફરીયાદની વિગતે જોવામાં આવે તો આ કામના આરોપી મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી કે જેઓ બાબરા તાલુકાના નવાણીયા ગામના રહેવાસી છે અને ઉટવડ મુકામે ખોડીયાર ક્વોરીવર્સના નામથી સ્ટોન ક્રસર ધરાવતા હોય તેમાં પોલ્યુશન બોર્ડની મંજુરી મેળવવી ફરજીયાત હોય અને તે માટે તેમણે મંજુરી મેળવવા માટે સને–૧૯૯૯ની સાલમાં અરજી કરેલી, જે અરજી નામંજુર થયા બાદ આ કામના આરોપીએ ધર્મેન્દ્રસિંહ જેઠુભા જાડેજા કે જે ગુજરાત પોલ્યુશન બોર્ડની રાજકોટ કચેરીમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા હોય તેની સાથે મળીને કન્સેન્ટ ઓર્ડર ખોટો બનાવી અને તેમાં જે તે સમયના અધિકારીની ખોટી સહીઓ કરેલી અને કચેરીના ખોટા સિકકા મારેલા અને આ કન્સેન્ટ ઓર્ડર રીન્યુઅલ માટે મોકલતા પોલ્યુશન બોર્ડના અધિકારીઓએ તે અંગેની ખરાઈ કરતા ઉપરોકત કન્સેન્ટ ઓર્ડર ખોટો અને બનાવટી જણાતા તે બાબતની ફરીયાદ નોંધાવતા પોલીસે ઉપરોકત ખોટો અને બનાવટી કન્સેન્ટ ઓર્ડર તપાસના કામે પંચનામુ કરી કબ્જે લઈ એફ.એસ.એલ.માં હેન્ડરાઈટીંગ એક્ષ્પર્ટને તપાસ માટે મોકલેલ અને તેમણે કરેલ રીપોર્ટમાં પણ આ કન્સેન્ટ ઓર્ડરમાં સહી બનાવટી અને ખોટી હોવાનું જણાઈ આવેલ હતું અને આ હસ્તાક્ષર નિષ્ણાંતની જુબાની આ કામમાં થયેલ હતી અને તેમણે પોતાની જુબાનીમાં કન્સેન્ટ ઓર્ડરમાં જે અધિકારીની સહી છે તે ખોટી હોવાનું પૃથ્થકરણના આધારે જણાવેલ હતું. જેથી આ કેસ સમગ્ર બાબરા તાલુકામાં તથા કાયદાકીય ફીલ્ડમાં તથા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બનેલ હતો.

તેમજ કામના આરોપી ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી તરીકે ફરજ બજાવેલી હોય જેથી પણ આ કેસ ચર્ચાનો વિષય બનેલ હતો.

આ કામે ફરીયાદપક્ષના સાહેદો કે જેમાં કાયદા અધિકારી તથા કાયદાના જાણકાર અધિકારીઓનો સમાવેશ થતો હોય અને તેઓની જુબાની પણ આ કામે થયેલી તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીની તથા હસ્તાંક્ષર નિષ્ણાંતની જુબાની પણ થયેલી.

આ બાબતે ઉપરોકત કેસ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી, જી.એસ. દિઓરાની કોર્ટમાં ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહીં કરી શકતા આ કામના આરોપીઓ મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી તથા ધર્મેન્દ્રસિંહ જેઠુભા જાડેજાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા સીનીયર એડવોકેટ એસ.બી. જસાણી રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના આરોપીઓ પૈકી ભારતીય જનતા પાર્ટીના ભુતપુર્વ મહામંત્રી મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી તથા પોલ્યુશન બોર્ડના કર્મચારી ધર્મેન્દ્રસિંહ જેઠુભા જાડેજાને ભારતીય ફોજદારી ધારાની કલમ – ૪૬૩, ૪૬૫, ૪૬૮, ૪૭૧ વિગેરેના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી, શ્રી જી.એસ. દિઓરા સાહેબ દ્વારા કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભાનાં નાની ધારી ગામેથી

કરાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૧૮૦ એમ.એલ. કંપની રીંગ પેક ચપટા નંગ–૩૬ કિંમત રૂપિયા ૨,૫૨૦ તથા ભારતીય બનાવટની વિદેશી દારૂ ૧૮૦ એમ.એલ. લખેલ કંપનીની રીંગ પેક કાચનાં ચપટા નંગ–૭૦ જેની કિંમત રૂપિયા ૪,૯૦૦ મળી કુલ રૂપિયા ૭,૪૨૦ નાં મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી મજકુર ઈસમ વિરૂધ્ધ ખાંભા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## કમોસમી વરસાદની આગાહી

સંરક્ષણ માટે આગોતરી તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેતરમાં કાપણી કરેલ અથવા ખુલ્લામાં રહેલ ખેત ઉત્પાદનને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા તેમજ ઢગલાની આસપાસ માટીનાં પાળા બનાવી વરસાદી પાણી ઢગલાની નીચે ન જાય તે રીતે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓ તથા ખાતરનો ઉપયોગ ટાળવો તેમજ ખાતર અને બિયારણનો જથ્થો પલળી ન જાય તે રીતે સુરક્ષિત સ્થળે સંગ્રહિત રાખવા અનુરોધ કરવામાં આવે છે. સાથે જ એ.પી.એમ.સી.માં વેપારી તથા ખેડૂત મિત્રોએ આગોતરા સાવચેતી રાખી અનાજ અને ખેત પેદાશોને ઢાંકીને અથવા શેડ હેઠળ સુરક્ષિત રાખવા જણાવાયું છે. સંભવ હોય ત્યાં સુધી આ દિવસોમાં એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે પેદાશ લાવવાનું ટાળવા અથવા સંપૂર્ણ સુરક્ષા સાથે લાવવાની સૂચના આપવામાં આવે છે.

આ અંગે વધુ માહિતી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી કોન્ટ્રાકટર એસોસીએશન દ્વારા

આવેદનપત્રમાં જણાવેલ છે કે, વર્તમાન પરિસ્થિતિએ હાલમાં દેશમાં અને વૈશ્વિક સ્તરે ખાડી યુધ્ધના કારણે ઉભી થયેલી વૈશ્વિક અસ્થિરતા જેવી પરિસ્થિતિના પ્રત્યક્ષ પ્રભાવથી ગુજરાત રાજયમાં ગતીમાં રહેલ કોન્ટ્રાકટના કામો ઉપર ગંભીર સંકટ આવી પડેલ છે. બાંધકામ માટે આવશ્યક મુખ્ય સામગ્રી જેમ કે, બીટુમીન, ફરનેશ ઓઈલ, એફઓ, એલડીઓ વિગેરે તમામ પેટ્રોલીયમ પ્રોડકસ એગ્રીગેટસ, સિમેન્ટ, સ્ટીલ, ડીઝલ, પેટ્રોલ, ફલોરિંગ ટાઈલ્સ, ફીનીશીંગ મટીરીયલ્સ (ગ્લાસ, એલ્યુમીનીયમ સહિત), ઈલેકટ્રીકલ વાયર, કેબલ, સ્વીચ, સોકેટ, લાઈટ ફીટીંગ્સ, એમસીબી તેમજ અન્ય કાચા માલ સામાનના ભાવોમાં અને તેના પરિવહન, ટ્રાન્સપોર્ટેશનમાં તોતીંગ ભાવ વધારો થયો છે અને તે દિન પ્રતિદિન વધતો જઈ રહેલ છે. આ ભાવ વધારો એટલો ઝડપી છે કે કોન્ટ્રાકટરોએ અગાઉ ટેન્ડર ભરતી વખતે જે બજારના પ્રવર્તમાન ભાવો પ્રમાણે ગણતરી કરીને ટેન્ડરો ભરેલા હતા તેઓની તમામ ગણતરી આ ભાવ વધારાને લીધે ખોટી પડતી જાય છે અને આર્થિક ભારણ વધતુ જાય છે. માટે તે પ્રોજેકટ પુરા કરવા કે ચાલુ રાખવા આર્થિક રીતે અશકય બની ગયા છે અને આ કારણે ગુજરાત રાજયના વિકાસ કાર્યોની ગતિને પણ ગંભીર અસર પહોંચી શકે એમ છે. આવી સ્થિતિ જો યથાવત રહેશે તો અનેક કોન્ટ્રાકટરોને મરણતોલ આર્થિક ફટકો પડશે અને લોકઉપયોગી નિર્માણ કાર્યોને પણ અધવચ્ચે બંધ થવાની તથા નવા કામો શરૂ ન થઈ શકવાની ગંભીર પરિસ્થિતિની શકયતા ઉપસ્થિત થઈ શકે.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત પરિસ્થિતિ માત્ર કોન્ટ્રાકટર્સ પુરતી મર્યાદિત નથી, પરંતુ લાખો મજૂરોની રોજગારીને પણ અસર કરતા થશે તથા રાજયના તીવ્રગતિથી ચાલતા ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસને રૂંધાવાની પુરેપુરી શકયતા રહેલી છે. આથી, આ મુદે તાત્કાલિક અને સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી જયાં સુધી નોર્મલસી (જયાં સુધી માર્કેટના દરો રાબેતા મુજબની પરિસ્થિતિમાં ના આવે ત્યાં સુધી).

આ અણધાર્યા અને અચાનક આવી પડેલા ભાવ વધારાના બોજને સરભર કરવા માટે વધારાની નાણાકીય સહાય/વળતર પધ્ધતિઓની ખાતરી આપવા., ઉપરોકત ફકરા–(૨)માં દર્શાવેલ બાંધકામ ઉપયોગમાં વપરાતી તમામ સામગ્રીઓ જેમ કે, બીટુમીન, ફરનેશ ઓઈલ, એફઓ, એલડીઓ વિગેરે તમામ પેટ્રોલીયમ પ્રોડકસ એગ્રીગેટસ, સિમેન્ટ, સ્ટીલ, ડીઝલ, પેટ્રોલ, ફલોરિંગ ટાઈલ્સ, ફીનીશીંગ મટીરીયલ્સ (ગ્લાસ, એલ્યુમીનીયમ સહિત) ઈલેકટ્રીકલ વાયર, કેબલ, સ્વીચ, સોકેટ, લાઈટ ફીટીંગ્સ, એમસીબી તેમજ અન્ય કાચા માલ સામાનના ભાવોમાં અને તેના પરિવહન, ટ્રાન્સપોર્ટેશનમાં તોતીંગ ભાવો માટે વાસ્તવિક બજાર ભાવ દરે અથવા ચકાસાયેલ ઈન્વોઈસ/બીલોના આધારે સીધા તફાવતની ચુકવણી કરવા.

હાલમાં ચાલતા કોન્ટ્રાકટ કામોમાં કોઈપણ જાતની પેનલ્ટી વગર સમય–મર્યાદામાં વધારો આપવા જરૂરી જણાય ત્યાં નીતિગત રાહત આપવી તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં બસ સ્ટેન્ડમાં મુસાફરોનાં

વૃધ્ધ ગત તા. ૧૩ના રોજ રાજુલા માર્કેટ યાર્ડમાં કપાસ વેચી અને કપાસ વેચાણના આવેલ રૂપિયા ૨૦,૦૦૦ પોતાના પેન્ટના ખીસ્સામાં રાખી પોતાના ગામ નાગેશ્રી જવા માટે રાજુલા બસ સ્ટેશનમાં આવેલ અને બસમાં ચડતા હોય તે વખતે બસમાં ચડવામાં વધારે ગીરદી હોય જે ગીરદીનો લાભ લઈ કોઈ અજાણ્યા ચોર ઈસમે વૃધ્ધના પેન્ટના ખિસ્સામાં રાખેલ રોકડા રૂપિયા ૨૦,૦૦૦ તેમની નજર ચુકવી કાઢી લીધા હતાં. જે અંગે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

જે અનુસંધાને રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની સુચનાથી ચોરીમાં ગયેલ મુદામાલ સાથે પકડી પાડવા તથા નાગરીકોના ચોરાયેલ મુદામાલ તેમને પાછા મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા આ ગુનાને અંજામ આપી નાસી ગયેલ આરોપીઓની ખાનગી બાતમીદારો મારફતે આરોપીઓ અંગે ચોકકસ બાતમી મેળવી રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા બસ સ્ટેશન તેમજ આજુબાજુના વિસ્તારોમાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરાઓ ઝીટવટભરી રીતે ચેક કરી આરોપીઓની શોધખોળ ચાલુ હતી.

તે દરમ્યાન ઉપરોકત સી.સી.ટી.વી. ફુટેઝ તથા ખાનગી બાતમીદારો મારફતે તપાસ ચાલુ હતી તે દરમ્યાન ગઈ તા. ૧૪ના રોજ રાત્રીના સમયે રાજુલા રેલ્વે સ્ટેશન વિસ્તારમાંથી રાજકોટ આજીડેમ વિસ્તારમાં જી.આઈ.ડી.સી. પાણીના ટાંકા પાસે ગોંડલ રોડ ઉપર રહેતો સુરેશ કાળુભાઈ પરમાર તથા ગીર ગઢડા ગામે ગેબનશા પીરની દરગાહ પાસે ફરેડા રોડ ઉપર રહેતો અજયભાઈ કમાભાઈ સોલકી નામનાં બે શખ્સોને શંકાસ્પદ હાલતમાં અંધારામાં રખડતા ભટકતા ઝડપી લઈ અને બન્ને આરોપીઓને યુકિત પ્રયુકિતથી પુછપુરછ કરતાં બન્ને આરોપીઓએ કબુલાત આપેલ કે, ગઈ તા. ૧૩ના રોજ બન્ને આરોપીઓ ગીર ગઢડા ખાતેથી પોતાની માલીકીની ફોર વ્હીલ ગાડી નં. જી.જે.–૦૪ ડીએન–૪૯૧૨ ની લઈને નીકળેલ અને બપોરના સમયે રાજુલા બસ સ્ટેશન નજીક આવી પોતાની ગાડી બસ સ્ટેશનથી દુર પાર્કીંગ કરી રાજુલા બસ સ્ટેશનમાં પેસેન્જર તરીકે આવી, જે બસમાં વધારે ટ્રાફિક હોય તે બસમાં પેસેન્જર બની બસમાં ચડતી વખતે એક મોટી ઉંમરના ખેડુત વૃધ્ધ વ્યકિતને ટાર્ગેટ કરી, તેમના પેન્ટના ખિસ્સામાં રાખેલ રોકડ રૂપિયા ૨૦,૦૦૦ તેમની નજર ચુકવી લઈ લીધેલ હતાં અને બાદમાં આ આરોપીઓ બસમાંથી નીચે ઉતરી પોતાની ગાડી લઈ જતા રહેલ હતાં.

બાદમાં રાત્રીના સમયે ફરીથી રાજુલા ખાતે આવેલ અને પોતાની ફોર વ્હીલ અવાવરૂ જગ્યાએ પાર્ક કરી રાજુલા શહેરમાં અન્ય મિલ્કત સંબધીત ગુનાઓ કરવાની ફિરાકમાં રેલ્વે સ્ટેશનમાં આંટા ફેરા મારતા હતા તે દરમ્યાન પકડાઈ ગયેલ હોવાની કબુલાત આપેલ છે.

આ કામે ઝડપાયેલ આરોપીઓએ પાંચેક મહિના પહેલા રાજકોટ શહેર બસ સ્ટેશનમાંથી અજાણ્યા વ્યકિતના ખિસ્સામાંથી રૂપિયા ૨૦,૦૦૦ની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

પાંચેક મહિના પહેલા ભાવનગર બસ સ્ટેશનમાંથી અજાણ્યા વ્યકિતના ખિસ્સામાંથી રૂપિયા ૮,૫૦૦ની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

એકાદ વર્ષ પહેલા તળાજા બસ સ્ટેશનમાંથી અજાણ્યા વ્યકિતના પેન્ટના ખિસ્સામાંથી રૂપિયા ૪,૫૦૦ની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

આરોપી સુરેશભાઈ કાળુભાઈ પરમારના છેલ્લા બે મહિનાની મોબાઈલ ફોનની હિસ્ટ્રી ચેક કરતાં તેઓએ ગુજરાતના અલગ અલગ ધાર્મિક સ્થળો જેવા કે, સોમનાથ, વેરાવળ, કોડીનાર, ઉના, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, મહુવા, બગસરા, બોટાદ, સાળંગપુર, ગોંડલ, પાલીતાણા, ચોટીલા, દ્વારકા ભગુડા, વીરપુર વિગેરે યાત્રાધામોની મુલાકાત લીધેલાનું જણાઈ આવે છે.

આ કામગીરી રાજુલા પોલીસ સ્ટે.ના પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા, પો.સબ.ઈન્સ. એમ.એફ. ચૌહાણ તથા ટાઉન બીટ ઈન્ચાર્જ એ.એસ.આઈ. ભરતભાઈ વાળા તથા સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. મધુભાઈ પોપટ, બહાદુરભાઈ વાળા તથા હેડ.કોન્સ. સુરેશભાઈ મેર તથા ટાઉન બીટ હેડ. કોન્સ. પ્રકાશભાઈ બાબરીયા તથા સુરજભાઈ વિગેરે જોડાયા હતાં.


સંકુલની CBSE સ્કૂલમાં જુનથી ધો. ૧ થી ૮ માં પ્રવેશ આપવાની મંજુરી પ્રક્રિયા ચાલુ છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

-Ad011


## જાહેર નોટિસ

અમો – **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** – બાબરા, જિ. અમરેલીના, તે અમારા અસીલ **હિંમતભાઈ ટપુભાઈ દોંગા** રે. **જંગર**, તા. **કુંકાવાવ – વડીયા**ની સુચના મુજબ હાલની જાહેર નોટિસ આપીને, લાગતા – વળગતા તથા તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમારા અસીલ ગુજરાત રાજયના **અમરેલી** જિલ્લાના **કુંકાવાવ–વડીયા** તાલુકાના **જંગર** ગામે આવેલી રે.સ.નં. **૧૫૯/૫** વાળી (કે **જેનું ક્ષેત્રફળ ૦૧ હેકટર ૬૧ આરે ૮૮ ચો.મી.**) ખેતીની જમીનમાંથી જરૂરીયાત પ્રમાણેના ક્ષેત્રફળ મુજબ ખેતીની જમીન યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરીને પવનચકિકની કામગીરી કરતી કંપનીને (Windfarm Co.) ને **૨૯ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ** માટે ભાડાપટે રાખવા અને રજીસ્ટર્ડ લીઝ ડીડ કરવા માંગીએ છીએ.

સદર સ્થાવર મિલ્કતમાં કોઈ ઈસમ – સંસ્થા – પેઢી – ટ્રસ્ટ, વેચાણ – બક્ષીસ કે અન્ય કોઈ રીતે પોતાના કાયદેસરના માલિકી હકક, ટાઈટલ, ઈન્ટરેસ્ટ, લીયન, કબ્જા બાબતે કે અન્ય કોઈ રીતે કાયદેસરના હકક – હિસ્સો – લાગભાગ ધરાવતાં હોય કે વારસાઈ હકક કે ભરણપોષણના હકક, કાયદેસરનું લેણું કે કરજ, બોજો, ગીરો હોય તેમજ કોઈપણ ઈસમ – સંસ્થાને વાંધા – તકરાર હોય, તો હાલની આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૦૭માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે, અમો એડવોકેટશ્રીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. નિયત સમયમર્યાદામાં, હકક – હિસ્સા – લાગભાગ કે કરજ – બોજ બાબતે લેખિત વાંધા – તકરાર રજુ કરવામાં નહિં આવે, તો આવા હકક – હિસ્સા જતા કરેલ છે, તેમ માની લઈને તો અમારા અસીલ સદર સ્થાવર મિલકત – **અમરેલી** જિલ્લાનાં **કુંકાવાવ – વડીયા** તાલુકાના **જંગર** ગામે રે.સ.નં. **૧૫૯/૫** વાળી ખેતીની જમીન સંદર્ભે ભાડાપટાનો વ્યવહાર પૂર્ણ કરશે અને ત્યારપછી કોઈપણ ઈસમ કે સંસ્થાના હકક – હિસ્સા બાબતે વાંધા – તકરાર ચાલશે નહિં તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની નોંધ લેવી.

**તારીખ : ૧૫/૦૪/૨૦૨૬**
**સ્થળ : ૧૭ – જલારામ કોમ્પલેક્ષ, પોલીસ સ્ટેશન સામે, મુ. બાબરા, તા. બાબરા જિ. અમરેલી. મો. ૯૪૨૬૯૦૪૫૧૯**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**એડવોકેટ – બાબરા**

## જાહેર નોટિસ

**મોજે – કુંકવાવ મોટી, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી, રે.સ.નં.૬૬૧ પૈકી ૨૯, હેકટર ૦–૮૦–૯૪, ખાતા નં.૧૧૧૭**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે કુંકાવાવ મોટી,ની ઉપરોકત વિગતની ખેતીની જમીન **ગભાભાઈ ભીખાભાઈ ભરવાડ** વિ.ના સંયુકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે, આ જમીન કુંકાવાવ–બગસરા રોડથી નજીક, ‘‘ટીંબા’’ વિસ્તારમાં આવેલ છે.

ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ ખેતી / ગણોત/લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસએપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૫/૦૪/૨૦૨૬**

**તે અમારા અસીલની સુચનાથી**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે, મુ. વડિયા, (જી. અમરેલી) મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા**
(એડવોકેટ)

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૪૦ | ૧૬૧૦ |
| ૨ | મગફળી | ૧૨૭૦ | ૧૫૦૦ |
| ૩ | ઘઉં | ૩૫૦ | ૪૩૭ |
| ૪ | ચણા | ૯૪૧ | ૧૦૩૭ |
| ૫ | સફેદ ચણા | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ૬ | ધાણા | ૨૩૦૦ | ૨૫૪૫ |
| ૭ | તુવેર | ૧૧૯૫ | ૧૫૧૪ |
| ૮ | રાઈ | ૧૧૦૧ | ૧૨૭૬ |
| ૯ | એરંડા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૭૨૫ | ૧૭૨૫ |
| ૧૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૭૫૦ |
| ૧૩ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૪ | સોયાબીન | ૧૦૫૦ | ૧૦૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી નવી | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૨૫ | ૧૪૭૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૯૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૦ | ૨૨૭૫ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૩૯૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૧૯૫૦ |
| ૭ | બાજરો | ૩૮૦ | ૫૦૫ |
| ૮ | જુવાર | ૬૨૫ | ૮૯૫ |
| ૯ | ઘઉં બંસી | ૪૦૦ | ૪૨૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૨૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૭૦ | ૫૨૦ |
| ૧૨ | મગ | ૧૦૪૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૯૩૦ | ૧૦૭૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૨૫ | ૧૦૪૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૯૦ | ૧૧૯૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૦૪૫ | ૧૫૦૦ |
| ૧૭ | વટાણા | ૫૫૫ | ૫૫૫ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| ૧૯ | વાલ | ૯૫૦ | ૧૭૫૦ |
| ૨૦ | કપાસ | ૭૨૦ | ૧૭૮૦ |
| ૨૧ | એરંડા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ૨૨ | જીરૂ | ૨૨૦૦ | ૪૦૭૫ |
| ૨૩ | રાયડો | ૧૦૮૫ | ૧૧૨૦ |
| ૨૪ | રાય | ૧૨૯૦ | ૧૪૦૦ |
| ૨૫ | ધાણા | ૨૨૫૦ | ૨૪૨૦ |
| ૨૬ | ધાણી | ૨૦૦૦ | ૨૯૦૦ |
| ૨૭ | અજમા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ૨૮ | મેથી | ૯૫૦ | ૧૨૨૫ |
| ૨૯ | સોયાબીન | ૮૦૦ | ૧૦૩૦ |
| ૩૦ | મરચા લાંબા | ૧૪૦૦ | ૬૨૫૦ |
| ૩૧ | મરચા ઘોલર | ૩૪૦૦ | ૯૨૫૦ |
| ૩૨ | વરીયાળી | ૧૩૫૦ | ૨૦૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૮૦ | ૧૭૯૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૭૦ |
| ૩ | મગફળી | ૧૨૬૦ | ૧૪૫૦ |
| ૪ | જીરૂ | ૩૩૧૦ | ૪૧૫૦ |
| ૫ | ચણા | ૧૦૧૫ | ૧૦૫૫ |
| ૬ | ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| ૭ | ધાણા | ૧૪૨૦ | ૨૫૫૦ |
| ૮ | તુવેર | ૧૧૯૦ | ૧૪૪૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ૨ | ચણા | ૧૦૨૬ | ૧૦૫૧ |
| ૩ | તુવેર | ૧૩૫૧ | ૧૪૮૧ |
| ૪ | ધાણા | ૧૮૦૫ | ૧૮૦૫ |
| ૫ | ઘઉં | ૪૧૨ | ૪૪૦ |
| ૬ | મેથી | ૯૧૧ | ૯૧૧ |
| ૭ | રાય | ૮૧૨ | ૯૬૦ |
| ૮ | જીરૂ | ૪૧૫૧ | ૪૧૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૮૦ |
| ૪ | તલ કાળા | – | ૩૦૦૧ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૨૫૧ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૭૯૪ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૦ |
| ૯ | બાજરો | ૪૪૦ | ૫૪૪ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૧૦ | ૧૦૮૦ |
| ૧૩ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૧૧ |
| ૧૪ | તુવેર | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૮૦ | ૧૨૩૫ |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | રાય/રાયડો | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૮ | ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૭૭૮ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૭૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૮ | ૪૫૬ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૯૪૫ | ૨૩૧૦ |
| ૬ | ચણા સફેદ | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૮ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| ૯ | મગફળી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૧૦ | મેથી | ૯૬૦ | ૧૧૪૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૭૦ |
| ૧૨ | રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | જુવાર | ૬૭૦ | ૬૭૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૬૫૫ |
| ૧૫ | રાય | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૧૦૨૬ |
| ૧૭ | લસણ | ૨૫૦ | ૪૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૧ | ૨૦૮૪ |
| ૩ | તલ કાળા | ૨૫૦૦ | ૨૫૭૫ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૭૨૪ |
| ૫ | બાજરો | ૨૫૦ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૩૦ | ૫૨૬ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૯૭૧ |
| ૮ | મગ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૧૦ | ચણા | ૮૫૦ | ૧૦૪૬ |
| ૧૧ | એરંડી | ૧૧૬૮ | ૧૧૬૮ |
| ૧૨ | ધાણા | ૧૮૭૨ | ૨૨૦૧ |
| ૧૩ | મેથી | ૧૧૦૧ | ૧૨૭૦ |
| ૧૪ | સોયાબીન | ૮૫૦ | ૯૭૫ |
| ૧૫ | રાય | ૧૦૫૦ | ૧૧૫૦ |

# હીપાવડલીના આંગણે વીર જવાનોના માતા-પિતાનું ઐતિહાસિક સન્માન



સાવરકુંડલા તાલુકાના હીપાવડલી સ્થિત પ્રસિદ્ધ શ્રી લટુરીયા હનુમાનજી આશ્રમ ખાતે તારીખ ૧૪/૦૪/૨૦૨૬, મંગળવારના રોજ ભક્તિ અને સેવાનો અનોખો ઉત્સવ ઉજવાયો હતો. નિમિત્ત હતું મંદિરના ૨૯માં પાટોત્સવ અને પરમ પૂજય ગુરૂ શ્રી જમનાદાસ બાપુની ૨૧મી નિર્વાણ તિથિનું આ અવસરે આશ્રમના વર્તમાન ગાદીપતિ શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પૂજય શ્રી જસુબાપુએ એક ક્રાંતિકારી અને રાષ્ટ્રભક્તિથી સભર વિચારને મૂર્તિમંત કર્યો, જેની સમગ્ર ગુજરાતમાં પ્રશંસા થઈ રહી છે.વીર સપૂતોના જનકોનું ભાવવંદન આજના આ દિવ્ય દિવસે પૂજય જસુબાપુએ ગુજરાતભરના એવા પરિવારોનું સન્માન કરવાનો નિર્ધાર કર્યો હતો, જેમના સંતાનો ભારતીય સેનામાં રાષ્ટ્રની રક્ષા કરી રહ્યા છે. નિવૃત્ત થયા છે અથવા માતૃભૂમિ કાજે શહીદ થયા છે. આશરે ૨૦૦ થી ૨૨૫ જેટલા વીર સૈનિકોના માતા-પિતાની યાદી તૈયાર કરી તેઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું,આ વીર સૈનિકોના માતા - પિતાની ઉપસ્થિતએ કાર્યક્રમની શોભા વધારી હતી.કાર્યક્રમનો પ્રારંભ પૂજય જસુબાપુ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. પી.પી.એસ. હાઈસ્કૂલ - વંડાની વિદ્યાર્થીની સાધના ગોંડલિયાએ ભાવસભર ભક્તિગીત રજૂ કર્યુ હતું, જયારે નવી કાંત્રોડી શાળાના આચાર્ય પરેશભાઈ જાનીએ સૌનું શબ્દોથી સ્વાગત કર્યુ હતું.પૂજય જસુબાપુ તથા માતૃશ્રી શારદાબાએ દરેક સૈનિકના માતા-પિતાને સ્ટેજ પર બોલાવી સાડી, શાલ અને હનુમાનજી મહારાજની પ્રસાદીરૂપ છબી અર્પણ કરી ભાવપૂર્વક સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે આશ્રમનું વાતાવરણ 'જય હિન્દ' અને દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠયું હતું. પૂજય બાપુએ આ પ્રસંગને 'સાચી હનુમંત ભાવવંદના' ગણાવી હતી. સેવા અને ધર્મનો સમન્વય આશ્રમ દ્વારા ચાલતી સામાજિક પ્રવૃત્તિઓની નોંધ લેતા જણાવાયું હતું કે, અહીં વર્ષોથી સાપ્તાહિક નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાય છે, જેનો લાભ અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ દર્દીઓ લઈ ચૂકયા છે. હાલમાં જ શરૂ થયેલી અદ્યતન ઓ.પી.ડી. અને લેબોરેટરી સેવાઓ પણ જરૂરિયાતમંદો માટે તદ્દન મફત ઉપલબ્ધ છે. 'દર્દી નારાયણો ભવઃ' અને 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના મંત્રને પૂજય બાપુએ સાચા અર્થમાં સાર્થક કરી બતાવ્યો છે. સમાપન અને સહયોગ કાર્યક્રમનું સફળ સંચાલન કેળવણીકાર પ્રહલાદભાઈ ચૌહાણ તથા ભાવેશભાઈ ભુવાએ કર્યુ હતું.આભાર વિધિ બંસીદાસભાઈએ કરી હતી. હીપાવડલી ગ્રામજનો, આશ્રમનો સેવકગણ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના અગ્રણીઓના સંયુક્ત સહયોગથી આ મહોત્સવ દીપી ઉઠયો હતો. અંતમાં હજારો ભક્તોએ ભોજન પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

### નાગરદાસ સ્મારક નિધિ ટ્રસ્ટનાં સહયોગથી

## ચલાલામાં આકરી ગરમી વચ્ચે વિનામૂલ્યે છાશ કેન્દ્રનો સેવાયજ્ઞ શરૂ

### શહેરનાં ૪ વિસ્તારોમાં છાશ કેન્દ્ર શરૂ થયા



અમરેલી, તા. ૧૫

''સેવા એ જ સાચો માનવ ધર્મ છે; આકરી ગરમીમાં કોઈની તરસ છિપાવવી એ પરમાત્માની સાચી ભકિત સમાન છે.'' આ ઉમદા સૂત્રને સાર્થક કરતા અમરેલી જિલ્લાના ચલાલામાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ કાળઝાળ ગરમીમાં જરૂરિયાતમંદ લોકોની જઠરાગ્નિ ઠારવા માટે વિનામૂલ્યે છાશ કેન્દ્રનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે.

નાગરદાસ દોશી સ્મારક નિધિ ટ્રસ્ટ અને દિવાળીબેન કાનજીભાઈ કાછડીયાના સૌજન્યથી શરૂ કરાયેલા આ વિતરણ કેન્દ્રો શહેરના વિવિધ વિસ્તારો જેવા કે પટેલવાડી, જૈનવાડી, હુંડકો નંબર-૨ તથા દાનેવ સોસાયટીના ગાયત્રીનગર વિસ્તાર ખાતે કાર્યરત કરવામાં આવ્યા છે. વધતા જતા તાપમાનમાં રાહદારીઓ અને શ્રમિકોને આ સેવાથી મોટું આસન મળી રહ્યું છે.આ સેવાકાર્યના પ્રારંભ પ્રસંગે ચલાલાના વતની અને હાલ જૂનાગઢ સ્થિત સેવાભાવી અગ્રણી મહેશભાઈ કુંડળ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પટેલવાડીના પ્રમુખ ઘનશ્યામભાઈ કાકડીયા, સેવાભાવી તબીબ ડો. બટુકભાઈ વેદ, બ્રહ્મ સમાજના પ્રમુખ ખોડીદાસભાઈ મહેતા, અનિભાઈ કાછડીયા અને ભાઈલાલભાઈ જીયાણી સહિતના મહાનુભાવોએ હાજરી આપી દાતાઓની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.આ તકે શહેરના અગ્રણીઓ સર્વ પ્રકાશભાઈ કારીયા, નાનજીભાઈ ઠુંમર, ડોલરભાઈ સંઘરાજકા, છગનભાઈ અંટાળા, ગોરધનભાઈ ગેડીયા, હસુભાઈ જોશી, આરીફભાઈ મોરવાડીયા, હર્ષદભાઈ અમરછેડા તથા હકાભાઈ સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી સેવાકાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

ભીષણ ઉનાળાની આ ગરમીમાં ચલાલાના આંગણે શરૂ થયેલ આ સેવાનો 'ટાઢો વિસામો' લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. સ્થાનિક રહીશો અને લાભાર્થીઓ દ્વારા આ માનવતાવાદી કાર્ય બદલ ટ્રસ્ટ અને દાતા પરિવારનો આભાર અને પ્રશંસા વ્યકત કરવામાં આવી રહ્યો છે.

## શેલાર સમઢીયાળામાં સાંસદ સુતરીયાની ખાટલા બેઠક



અમરેલી, તા.૧૫

અમરેલી લોકસભાના સાંસદ ભરત સુતરીયાએ ગારીયાધાર તાલુકાના શેલાર સમઢીયાળા ગામે ખાટલા બેઠક યોજી હતી. આ બેઠકમાં ગ્રામજનો સાથે સીધો અને સકારાત્મક સંવાદ સાધવામાં આવ્યો હતો, જેમાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન ગ્રામજનોની સમસ્યાઓ, જરૂરીયાતો તેમજ ગામના વિકાસ સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાંસદએ ગામના લોકોના પ્રશ્નો ધ્યાનપૂર્વક સાંભળ્યા અને તેમના નિરાકરણ માટે યોગ્ય પગલાં ભરવાની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને દરેક વ્યક્તિ સુધી વિકાસના લાભ પહોંચાડવા પ્રયત્નશીલ છે.આ પ્રસંગે સાંસદ સુતરીયાએ ગ્રામજનોને આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપને વધુમાં વધુ મત આપીને વિજયી બનાવવા આહ્વાન કર્યુ હતું. તેમણે કહ્યું કે,મજબૂત સરકાર અને મજબૂત સંગઠન દ્વારા જ વિકાસના કાર્યોને વધુ ગતિ મળી શકે છે.આ ખાટલા બેઠકથી ગ્રામજનોમાં વિશ્વાસ અને જોડાણની ભાવના મજબૂત બની હતી, તેમજ કાર્યકર્તાઓમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

### રવિવારના રોજ સવારે ૭ વાગ્યાથી ચિલ્ડ્રન્સ જલારામ મંદિર, સેકટર ૨૯ ખાતે

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ૧૯ એપ્રિલના રોજ 'ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન

### ભારતીય રમતો, લાકડાંના રમકડાં, ટોય ગેમ્સ, ઝુમ્બા ડાન્સ સહિત ૪૦થી વધારે મજેદાર પ્રવૃતિઓ થશે

અમરેલી, તા. ૧૫

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ' ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ'નું સુંદર આયોજન ૧૯ એપ્રિલ ૨૦૨૬ રવિવારના રોજ કરવામાં આવ્યું છે. સવારે ૭ વાગ્યાથી ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિર, સેકટર ૨૯ના માર્ગ પર યોજાશે. આ અનોખા કાર્યક્રમ હેઠળ ૨ થી ૧૪ વર્ષના બાળકો અને તેમના માતા-પિતા ભૂલાઈ ગયેલી વિવિધ પરંપરાગત ભારતીય રમોતોનો આનંદ માણવાનો અવસર મળશે. કાર્યક્રમો મુખ્ય હેતુ બાળકોને ડિજીટલ દુનિયાથી થોડા દુર લઈ જઈને તેમને રમતગમત, શારીરિક તેમજ સામાજિક વિકાસ તરફ ઉન્મુખ કરવાનો છે. સાથોસાથ વિવિધ મનોરંજક પ્રવૃતિઓને આધારે બાળકોનો માતા-પિતા સાથેનો સંબંધ વધારે ગાઢ બનશે.

ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ કાર્યક્રમની વિશેષતાઓ વિશે વાત કરીએ તો તેમાં દોરડા કૂદ, આંધળો પાટ, લંગડી, ઉભી ખો, પાંચીકા, બોર્ડગેમ, વિજ્ઞાન, પ્રયોગ, પપેટ, ભમરડાં, લખોટી, ગિલ્લીદંડા, પગથીયા જેવી વિસરાઈ ગયેલી મનોરંજક ભારતીય રમતો બાળકો માટે હશે. આ ઉપરાંત સંગીત, પેપરક્રાફટ, ડ્રોઈંગ અને પેઈન્ટિંગ, માટીકામ, ટોય મેકિંગ અને પપેટ શો જેવાં વિવિધ આકર્ષણો બાળકો અને વાલીઓ માટે હશે. તદુપરાંત ટેકનોરથ, મેટ્રિક મેળો, પુસ્તક પરબ, સેલ્ફી પોઈન્ટ, ભારતીય દેશી અને લાકડાંના રમકડાં જેવાં વિવિધ આકર્ષણો પણ બાળકો અને વાલીઓ માટે ઉપલબ્ધ હશે, જે બાળકો અને વાલીઓ માટે આજીવન યાદગાર સંસ્મરણ પ્રદાન કરશે. તેમજ આયુર્વેદિક માર્ગદર્શન અને બાળકો માટે કેરિયર કાઉન્સેલિંગની સુવિધા પણ પ્રાપ્ત થશે.

ગાંધીનગરના નાગરિકોને અને ખાસ કરીને ૨ થી ૧૪ વર્ષના બાળકોના માતા-પિતાને આ આનંદમય અને સુંદર ઈવેન્ટમાં હાજરી આપી બાળકો સાથે યાદગાર પળો સર્જવા અને સહભાગી બનવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

### કિરીટભાઈ કેસરીયા, પંકજ જોબનપુત્રા અને આશિષ પુજારા દ્વારા

## રાજકોટ ખાતે આગામી ૧૪ જુનનાં રોજ રઘુવંશી મહાપરિચય મેળો યોજાશે

### રઘુવંશી સમાજની ગ્રેજયુએટ દીકરીઓએ ખાસ ભાગ લેવો

અમરેલી, તા. ૧૫

રાજકોટ ખાતે આગામી ૧૪ જુનને રવિવારે હેમુ ગઢવી હોલ ખાતે રઘુવંશી મહા પરિચય મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

આ રઘુવંશી મેળામાં રઘુવંશી સમાજની ગ્રેજયુએટ દીકરીઓને ખાસ ભાગ લેવા આયોજકો કિરીટભાઈ કેસરીયા, પંકજ જોબનપુત્રા અને આશિષ પુજારાએ અનુરોધ કરેલ છે.

પરિચય મેળામાં ઈચ્છુકો બાયોડેટા અને ફોટોગ્રાફની બબ્બે કોપી જોડવાની રહેશે. બાયોડેટા મોકલવા માટે અંબિકા અપટેલસ, ડો. યાજ્ઞિક રોડ મો. ૯૬૬૨૮ ૯૯૯૦૯ અને જલીયાણા આર્ટ, ગોંડલ રોડ મો. ૯૮૨૪૪ ૫૨૦૯૨ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

## ખાંભા ખાતે વાટલિયા પ્રજાપતિ સમાજની વાડીમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

અમરેલી, તા. ૧૫

ખાંભા શહેરમાં પ્રજાપતિ સમાજની વાડી ખાતે ગાયત્રી પરિવાર તથા પ્રજાપતિ સમાજના સંયુકત ઉપક્રમે ગાયત્રી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ખાંભા વાટલિયા પ્રજાપતિ સમાજના પ્રમુખ હસુભાઈ પીપલીયા સહિત સમાજના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ગાયત્રી પરિવાર દ્વારા વિધિવત મંત્રોચ્ચાર સાથે યજ્ઞ પૂર્ણ કરવામાં આવ્યો હતો તેમજ પૂજા-અર્ચના કરાવવામાં આવી હતી. યજ્ઞનો મુખ્ય હેતુ સમાજમાં આરોગ્યપ્રદ જીવનશૈલીનો પ્રચાર કરવો, પ્રકૃતિ સાથે સંતુલન જાળવવું અને સમાજમાં એકતા, સૌહાર્દ અને સહકારની ભાવના વિકસાવવાનો રહ્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો દ્વારા યુવાનોને સંસ્કાર અને સમાજસેવા તરફ પ્રેરણા આપવામાં આવી હતી. યજ્ઞમાં પ્રજાપતિ સમાજના આગેવાનો, યુવાનો તથા ગાયત્રી પરિવારની બહેનો મોટી સંખ્યામાં જોડાઈને ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### BLO સુપરવાઈઝર તરીકેની કામગીરીમાંથી

## અમરેલી જિલ્લાની ગ્રાન્ટ ઈન એડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં શિક્ષકોને મુકિત આપો

### માધ્યમિક શિક્ષણ સંઘ દ્વારા ચીફ ઓફિસરને રજુઆત

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંઘ દ્વારા ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાની ગ્રાન્ટ ઈન એડ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો જે હાલ મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત BLO સુપર વાઈઝર અને BLO તરીકે કામગીરી કરે છે. તથા દર વર્ષે ચાર વખત ખાસ ઝુંબેશ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણ કાર્યક્રમમાં કામગીરીમાં હોય છે, તેથી આ કામગીરી અર્થે રોકાયેલા કર્મચારીઓની વસ્તી ગણતરી ૨૦૨૭થી કામગીરીમાંથી મુકિત આપવા અંતમાં માંગ કરેલ છે.

# અમરેલી પાલિકાનાં ઉમેદવારો સાથે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ કર્યો સંવાદ



અમરેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપનાં પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા સૌરાષ્ટ્રનાં પ્રવાસે હોય, આજ રોજ અમરેલી ખાતે અમરેલી નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવારો સાથે સીધો સંવાદ કર્યો હતો. અપેક્ષિત કાર્યકરોની આ બેઠકને મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટય કરી શુભ શરૂઆત કરેલ. વિશ્વકર્માએ કાર્યકરોને માર્ગદર્શન આપતાં પાંચ વાતો પર ધ્યાન કેન્દ્રિત કરી આગામી ૨૬ એપ્રિલ સુધી પોતાની દિનચર્ચા કેવી રાખવી તેનું અમૂલ્ય ભાથું પીરસ્યુ હતું. તેઓએ ઉદાહરણ સાથે એક મતનું મૂલ્ય સમજાવી મતદાન બાબતે કાળજી રાખવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ સૌને આવકારતાં સ્વાગત પ્રવચન કર્યુ હતું તેમજ અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત સરકારનાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ઉમેદવારોનો જુસ્સો વધારતાં આપણી જીત નિશ્ચત છે અને લીડ સાથે વધુમાં વધુ બેઠકો જીતવી છે. તેમ જણાવતાં રાજય સરકારે અમરેલીને લોકસુખાકારી માટે આપેલ કરોડો રૂપિયાનાં કામોની યાદી કરતાં આ વિકાસ યાત્રાને વણ થંભી રાખવાની છે તેમ જણાવ્યું હતું. આ બેઠકમાં બિનહરીફ થયેલાં ધારી નગરપાલિકાનાં વોડ નં. ૩નાં ૪ ઉમેદવારો મનસુખભાઈ ભુવા, જયદેવભાઈ બસિયા, ગીતાબેન સુરેશભાઈ ગમાર અને રૂપાબેન શશીભાઈ ચાવડા તેમજ આજરોજ અમરેલી નગરપાલિકાનાં ઉમેદવારો વોર્ડ નં. ૨ મીનાબેન રવિરાજભાઈ શેખવા, વોર્ડ નં. ૮માં વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા તથા પૂનમબેન કૌશલભાઈ સાવલીયા બિનહરીફ જાહેર થતાં પ્રદેશ અધ્યક્ષે તેમને કેસરિયો ખેસ પહેરાવી વિશેષ સન્માન કર્યુ હતું. આ ઉપરાંત દામનગર નગરપાલિકા ૩ બેઠકો, બાબરા તાલુકા પંચાયતની એક અને જાફરાબાદ, રાજુલા તાલુકા પંચાયતની ત્રણ બેઠક બિનહરીફ થઈ હતી. આ કાર્યક્રમમાં અમરેલી લોકસભાનાં સાંસદ ભરતભાઈ સુતરીયા, સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ, લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ધારીનાં ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, જિલ્લા ભાજપનાં મહામંત્રી મયુરભાઈ માંજરિયા, રાજુભાઈ ભુતૈયા, ચેતનભાઈ શિયાળ, ઉપપ્રમુખો મેહુલભાઈ ધોરાજીયા, ધર્મેન્દ્રગીરી ગૌસ્વામી, દિપકભાઈ વઘાસીયા, મંત્રી પિન્ટુભાઈ કુરૂંદલે, ક્રિષ્નાબેન મકવાણા, મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટી, સોશિયલ મીડિયા ઈન્ચાર્જ દિવ્યેશભાઈ વેકરીયા, મહિલા મોરચાનાં પ્રમુખ અલ્કાબેન ગોંડલીયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, રાકેશભાઈ સાવલીયા, યોગેશભાઈ ગણાત્રા, રેખાબેન માવદિયા, વીરજીભાઈ બોરીયા સહિત અમરેલી નગરપાલિકાનાં ઉમેદવારો તેમજ બુથ પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.




# ના કોઈને નડીશુ, તમારા માટે લડીશું, સૌના કામ કર્યા, સૌના કામ કરીશું

# અમરેલી પાલિકાની ચૂંટણીને લઈને કોંગ્રેસનો જનવિજય સંકલ્પ

**શહેરનાં દરેક વોર્ડમાં ફ્રિ વાઈફાઈ ઝોન, રાહતદરે શ્રમયોગી અન્નપૂર્ણ યોજના શરૂ કરાશે**


**રખડતા ભટકતા પશુઓ ઉપર નિયંત્રણ અને નિભાવણી યોજના શરૂ કરવામાં આવશે**

**મુખ્ય બજારમાં દરેક ૫૦૦ મીટરે ગ્રીન ટોયલેટ, અંધારૂ ઉલેચીને સ્ટ્રીટલાઈટની સુવિધા**

**પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ શહેરીજનોનાં હિતમાં કાર્ય કરવા સંકલ્પ લીધો**

અમરેલી, તા. ૧૫

અમરેલી પાલિકાની ચૂંટણીને લઈને કોંગ્રેસ પક્ષ ધ્વારા આજે કોંગ્રેસ પક્ષનો જનવિજય સંકલ્પ જાહેર કરવામાં આવેલ છે.



પૂર્વ ધારાસભ્ય અને કોંગી અગ્રણી પરેશ ધાનાણીએ ''અમરવેલીની આવતીકાલ''નાં શિર્ષક હેઠળ જાહેર કરેલ જનવિકલ્પ સંકલ્પમાં કામનાથ સરોવર બ્યુટિફિકેશન પ્રોજેકટ, રોકડીયા તળાવ બ્યુટિફિકેશન પ્રોજેકટ, ઠેબી ડેમ સાઈટ બ્યુટિફિકેશન પ્રોજેકટ, આધુનિક ઈ-લાયબ્રેરીની સ્થાપના, પ્રદુષણ મુકત ગ્રીન અમરવેલીનો સંકલ્પ, વડી-ઠેબી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેકટ, દરેક વોર્ડ વાઈઝ ફ્રિ વાઈફાઈ ઝોન, ટ્રાફિક ટેરરીઝમથી મુકિતનો સંકલ્પ, રાહતદરે શ્રમયોગી અન્નપૂર્ણા યોજના, દરેક ઘરે દરરોજ અને સ્વચ્છ પીવાનું પાણી, ભૂગર્ભ ગટરની નિયમિત સફાઈનું અભિયાન, મુખ્ય બજારમાં દરેક ૫૦૦ મીટરે ગ્રીન ટોઈલેટ, દરેક ગલીએ અંધારૂ ઉલેચીને સ્ટ્રીટલાઈટની સુવિધા, સરકારી યોજનાઓને ઘરે ઘર સુધી પહોંચાડવાનું અભિયાન, મુખ્ય બજારમાં મહિલાઓ માટે સ્પેશિયલ પિન્ક ટોઈલેટ, ઈ ઓટો અને પિન્ક ઓટોને પ્રોત્સાહન સહાય યોજના, વિશ્વકર્મા માર્ગદર્શન અને સહાયતા કેન્દ્રનું આધુનિકરણ, દરેક વોર્ડ વાઈઝ કોમન પ્લોટ ડેવલપમેન્ટ પ્રોજેકટ, દરેક વોર્ડ વાઈઝ ધર્મ સ્થાન બ્યુટિફિકેશન પ્રોજેકટ, નગર પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓનું આધુનિકરણ, ઘર ઘરેથી કચરાનો કાયમી અને નિયમિત નિકાલ, સ્થાનિક કરવેરામાં રાહત અને માફી યોજના, સ્થાનિક પ્રશ્નોના નિકાલ માટે વોર્ડ દીઠ લોકસેવા કેન્દ્રની સ્થાપના, રખડતા ભટકતા પશુઓ ઉપર નિયંત્રણ અને નિભાવણી યોજનાનું વચન આપેલ છે.





















**પ્રિન્સિપાલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલી જતા**

# બાબરા : ઉંટવડનાં ખોડિયાર કવોરીવર્સનાં બનાવટી કન્સેન્ટ ઓર્ડર બનાવવાનાં ગુન્હામાં આરોપીઓ નિર્દોષ

**એડવોકેટ ઉદયન ત્રિવેદીની આરોપીઓ તરફે દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૫

બાબરા ઉંટવડ ખાતે આવેલ ખોડીયાર કવોરીવર્સના નામથી સ્ટોન ક્રસરમાં ખોટો અને બનાવટી કન્સેન્ટ ઓર્ડર બનાવવાના ચકચારી કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, આ કામની ફરીયાદ ગુજરાત પ્રદુષણ

અનુસંધાન પાના ૬ ઉપર





**ખાડી દેશનાં યુધ્ધનાં કારણે મટીરીયલ્સનાં ભાવમાં વધારો થતાં**

# અમરેલી કોન્ટ્રાકટર એસોસીએશન દ્વારા ભાવ વધારાની માંગ સાથે આવેદનપત્ર પાઠવાયુ

**જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી માંગ કરી**

અમરેલી, તા. ૧૫

અમરેલી કોન્ટ્રાકટર એસોસીએશન ધ્વારા ખાડી દેશમાં ચાલતા યુધ્ધનાં કારણે બાંધકામ મટીરીયલ્સનાં ભાવોમાં વધારો થતાં સરકારી કામનાં ભાવમાં વધારો કરવાની માંગ કરવામાં આવી છે.

જિલ્લા કલેકટરને પાઠવેલ

અનુસંધાન પાના ૬ ઉપર








*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)